104

ॐ

ऋतेज्ञानान्नमुक्तिः ज्ञानादेव तु कैवल्य

જ્ઞાન વિના મુક્તિ નહીં, કરો કોટિ ઉપાય;
પ્રકાશ વિના કદી નહીં, અંધારૂં દૂર જાય.

મનહર વીણા

ભાગ ૧ લો.

રચી પ્રસિદ્ધ કરનાર

જનસુખરામ નરહરરામ કવિ.

હવાડિયા ચકલા—સુરત.

પ્રથમાવૃત્તિ. ઇ. ૫. ૧૯૧૩.

મૂલ્ય બે આના પોસ્ટેજ જૂદું.

સુરત ખપાટીઆ ચકલા ઉપર આવેના શા. ખુ. અ.
ના જૈન પ્રીન્ટીંગ પ્રેસમાં મ ભા એ છાપ્યું.

મનહર વીણા ૧૧૭/૧-

0533

અર્પણ પત્રિકા

પૂજ્યપાદ મહર્ષિ વાલ્મીકિ

આપની અદ્‌ભુત શકિતથી આકર્ષાઇ આ લઘુ પુસ્તક આપને અર્પણ કરૂં છું તે સ્વીકારશોજી.

જલદી નામ નોંધાવો.

ધર્મભાસ્કર ભાગ ૧ લો

આ પુસ્તકમાં નચિકેતા, અષ્ટાવક્ર, ગાધિ, વસિષ્ઠ, માંડવ્ય હરિશ્ચંદ્ર, નળ, શિબિ, શમિક, લવણ વગેરેનાં આખ્યાનો આપવામાં આવશે. આ એકજ પુસ્તકના અભ્યાસથી ધર્મ તથા નીતિનું ઉચ્ચ સ્વરૂપ જાણવામા આવશે. મૂલ્ય રૂપિયો એક.

મકરંદ ભાગ ૧ લો

ચન્દ્રકાન્તની પેઠે આ પુસ્તકમાં અનેક દ્દષ્ટાંતો આપવામાં આવ્યાં છે. ધર્મનું ખરૂં રહસ્ય જાણવું હોય તો આ પુસ્તક અવશ્ય ખરીદ કરો. આ પુસ્તકના અભ્યાસથી અત્યુત્તમ લાભની પ્રાપ્તિ થાય છે.

જનસુખરામ નરહરરામ કવિ હવાડિયા ચકલા–સુરત

મનહર વીણા.

પદ.

જય ગુરૂ શ્રી ચરણ પડયો હું, પાળો દુઃખ હરનાર,
વેદવ્યાસ છો પરમકૃપાળુ, ભાળો સુખ કરનાર.
ત્રાતા દાતા જ્ઞાતા શાતા આપો શુભ ભરનાર,
અદ્દ્ભુત શક્તિ, કરૂં હું ભક્તિ, રાખો મુજપર પ્યાર.
દ્વય કર જોડું દર્પને તોડું, સેવું વારંવાર,
આવ્યો શરણે ધારો કરણે, વિનતિ મુજ આવાર.
ધૃતિને આપો સત્યને સ્થાપો, કાપો પાપો સાર,
બુદ્ધિ થોડી, રાખું જોડી, ચિત્ત તમમાં અવિધાર.
પામર પ્રાણી મુજને જાણી, રહો હૃદય મોઝાર,
તન મન ધન સહુ અર્પણ તમને, આપો શુભ વિચાર.
કૃપા તમારી થાશે સારી, જાશે દુઃખ નિરધાર,
કાંઇ નવ જાણું શું વખાણું, મૂર્ખ હું અપરંપાર.
ભાનુ દેખીને પદ્મ ખીલે છે, શંકા નહીં લગાર,
ચિંતામણિ ને કલ્પ વૃક્ષ છો, પ્રણમું સૂત્રકાર.
સ્પર્શકાન્ત તમે છો સાચા, રાખો મારો ભાર,
શાન્ત દાન્ત ગુરૂ ધ્વાન્તને ટાળો, ભ્રાન્ત હું ભય દળનાર.

કીર્તિ અખંડિત, શુભ ગુણ મંડિત, પંડિત પાલનહાર,
છો પૂર જ્ઞાની કાપો ગ્લાનિ, પામું નહીં હું પાર.
પૂરણ પ્રીતે વંદું નિત્યે, બાળો સર્વ વિકાર,
છો પ્રતાપી, નહીં કદાપિ, ભૂલું હૃદયના હાર.
અનેક ગ્રંથ લખીને નિશ્ચે, આપ્યો શુભ ચિતાર,
કરૂણા કેરા સિંધુ દેવા, ભૂલું નહીં આભાર.
પ્રૌઢ મૂર્તિ છે સુખદ ગુરૂજી, જીત્યો પાપી માર,
આપત્તિ અભ્ર દીઓ ઉડાવી, મુજને તમ આધાર.
લગની લાગી એક તમારી, મિથ્યા આ સંસાર,
અવિદ્યાને બાળી નાંખો, જેમ તુલ અંગાર.
ડૂબ્યો હું મોહ સિંધુ માંહી, કાઢો મુને બ્હાર,
સ્વાર્થ તણાં સંગી છે સર્વે, રાખું નહીં દરકાર.
હું કંટાળ્યો પૂરેપૂરો, દીઠો ન કંઇ સાર,
મતિ ગતિ ગુરૂ તમારી ન્યારી, શું કરૂં વિસ્તાર.

શાર્દૂલ વિક્રીડિત.

વંદું શ્રી અવિનાશ આશ પુરજે, સંકષ્ટને કાપજે
દાતાશ્રી મુજનાથ હાથ ધરજે, સુખોદધિ સ્થાપજે
જ્ઞાતા હે જગતાત ખ્યાત ઘણી છે, ગ્લાનિ સહુ ટાળજે
શાતાદે વર ઇશ શીશ ધરૂં છું, માયા કુડી બાળજે
શક્તિ શી પ્રભુ પાર લેશ નહિ કો, પામે ખરે સત્ય છે
ખાલીના સ્થલ કોઇ તો તુજ વિના, ન્યારી અતિગત્ય છે

ભાનુને વિધુ ભાળી સુ ગગનમાં આશ્ચર્ય પામું બહુ
રાખ્યા છે વિભુ સ્તંભ શા ચળકતા, તારા દીપે શું કહું
ભાળીને સર સિંધુને નદી સહુ, રાજી રહું હું ખરે
મૂક્યો છે રસ વારૂ આમ્ર ફળમાં, રે ! ચિત્ત મારૂં ઠરે
આહ્લા શી ખુબિ મૂકી છે નગ વિષે, સત્તા ઘણી દીસતી
કીધો છે પિક કંઠ શો મધુર હા ! ખામી ન ભાસે રતી
મૂકી છે પ્રભુ પદ્મમાં મૃદુલતા, કેવી લતા દીપતી
દેખીને દ્વિજ ચારૂ હું હૃદયમાં, આનંદ ધારૂં અતિ
ઋતુઓ નીજ કાર્ય નિત્ય કરતી, લીલા રૂડી ભાસતી
વર્ષામાં ભુમિ હોંસ ઉર ધરીને, સાડી લીલી ઓઢતી
જંતુઓ ઉર મગ્ન ખૂબ થઇને, ચાલે શું બુટ્ટા અરે
વિશ્વેશા ધરૂં ધ્યાન ખ્યાન કરૂં શું, આ બુદ્ધિ મારી ફરે
બોલે છે દ્વિજ મિષ્ટ વારૂ રવથી, શું ગાન તારૂં કરે
દર્શાવે ગતિ ન્યારિ આ તરૂ સહુ, ઉંચે નિહાળી ખરે
ભાનુને વિધુ અગ્નિ તેજ ધરતા, તારૂં ન શંકા જરી
રાખીને ભય મેઘ તો વરસતો, આરાધું પ્રીતે હરી
અક્ષિના પણ સૃષ્ટિની ચીજ બધી, ભાળે તું ખૂબી ખરી
કાનોના પણ ભક્ત સ્તુતિ સુણતો, ચિંતા કરે તું પરી
ચાલે છે પગ વિણ હે સુખકરા, હાથો વિના તું ગ્રહે
ભૂલે છે મૂઢ પાપી પૂર તુજને, દુઃખી અતિશે રહે
ગાઉં શું તુજ ગુણરે જીભ નથી, સુને પ્રભુજી ઘણી

આવ્યો છું વિભુ રંક હું શરણમાં, દાતાર શિરોમણી
થાકે છે શ્રુતિ નેતિ નેતિ વદતી, તો શક્તિ શી માહરી
ભૂલ્યા છે ઋષિ મુનિ સુર સઘળા, ભક્તિ કરૂં તાહરી
દીનેશા પ્રભુ શુભ કલ્પતરૂ છે, રૂડો તું ચિંતામણી
પુરાણો અજ નિત્યને સ્થિર વળી, નિહાળ મારા ભણી
રાખીને ડર સૂર્ય નિત્ય તપતો, દોડેછ મૃત્યુ વળી
માયામાં ફસી મૂર્ખ જીવ ભુલતો, નાહીં શકે નીકળી
તર્કોથી નહિ પાર તુજ જડતો, છે સૂક્ષ્મથી સૂક્ષ્મરે
ઇંદ્રિયો સ્થૂલ વસ્તુને પરખતી, મૂઢો ભમે છે અરે
વાન્તિશા ગણી સર્વ વિભુ વિષયો, હું નામ તારૂં ધરૂ
ભ્રાન્તિને તજું કાપતું દુરિતને, વિનંતી આજી કરૂં
શાન્તિ દે તુજ શક્તિ છે અકલહા! માયા મહીં ના સરૂ
કાન્તિ દે નમું પ્રેમ પૂર ધરીને, તારી કૃપાથી ઠરૂ

પદ,

જે કોઇ જ્ઞાની જીવ અવતરે, જ્ઞાનશ્રી તેને પ્રીતે વરે
કાચને માની હીરો મૂર્ખો, નીજ મન ખુશી ભરે
દીપકમાં પડે છે પતંગ, નિશ્ચે તે તો મરે-જ્ઞા
અગ ધારે છે મુનિ ડોળ પણ, ભવસિંધુ નહિ તરે;
કસ્તુરી રહે મૃગ નાભિમાં, તદપિ વનમાં ફરે-જ્ઞા.
વાઘનું ચામડું ઓઢે ગર્દભ, નહિ તેનાથી ડરે,
કાગડાને ચુનાથી રંગો, હંસવત્ ના તે ખરે-જ્ઞા.

ડુક્કરને આપી શર્કરા, અર્થ તેથી નહિ સરે,
ભંગીને છે ભાંગની પ્રીતિ, અમૃતને શું કરે–જ્ઞા.
વેદનું જ્ઞાન ન મહિષ સમજે, એથી ખુશી નહિ ધરે;
અજ ગીતા શું સમજી શકશે, અરણ્યમાં જે ચરે–જ્ઞા.
યોગ વિદ્યાને મૂર્ખ ન જાણે, દુઃખી થાય છે ખરે,
સર્પ કેરા મુખમાંથી તે, અમૃત કયાંથી ઝરે–જ્ઞાન.
વિષ કીડાને અમૃત માંહી નાંખો તો ત્યાં મરે,
કોયલ જેવી વાણી કયાંથી, કાક કહો ઉચ્ચરે–જ્ઞા.
મર્કટને મુક્તાફલ આપ્યુ, તે તેથી નહિ ઠરે,
પાપીને જે નીતિ કહીસુ, તેને તે વિસરે–જ્ઞા.

પદ ધનાશ્રી.

સાધુ સમાગમ કરીએ, ભાઇઓ સાધુ સમાગમ કરીએ,
સાધુ જનનાં દર્શન કરતાં, ભવસાગરને તરીએ–ભાઈ.
સાધુ કલ્પતરૂ મળતાં ઝાઝો, આનંદ મનમાં ધરીએ–ભાઈ.
વિવેક હીરો હાથ થતાં સુ, ફરી ન મોહમાં ફરીએ–ભાઈ.
જન્મ મરણના ફેરાને ટાળે, પુનઃ નહીં અવતરીએ–ભાઈ.
સંસાર સિંધુ વિકટ ઝાઝો, સાધુથી પાર ઉતરીએ–ભાઈ.
દિવ્ય તેજ તે વ્યાપે અંતરમાં, કદી ન રાગમાં સરીએ–ભાઈ
ગુપ્ત જ્ઞાનની કુંચી બતાવે, અચલ પદમાં ઠરીએ–ભાઈ
જ્ઞાનામૃતનું પાન થતાં પછી, કદી ન મોતથી ડરીએ–ભાઈ

શાંતિ કૌમુદિ પ્રાપ્ત થતાં પછી સત્ય સ્વરૂપમાં વસીએ-ભાઈ
ચંચલતા તે મનની નાસે ત્રિવિધ તાપને હરીએ-ભાઈ

પદ કાલીંગડો.

સાધુ અતિ સુખકાર, બંધુઓ સાધુ અતિ સુખકાર
અજ્ઞાન તમને હરી લીએ છે, બની ભાનુ દુઃખહાર-બંધુઓ
ચિંતામણિને કલ્પતરૂ તે, જાણો સાધુ નિરધાર-બંધુઓ
અંતર મેલને સ્વચ્છ કરે છે, દર્શાવે શુભ વિચાર-બંધુઓ
તત્त्वमसि નું જ્ઞાન આપીને, ટાળે છે સર્વ વિકાર-બંધુઓ
ક્રોધ કેસરી હણી નાંખે છે, ઉતારે સિંધુ પાર-બંધુએ
મોહ સૈન્યને કાપી નાંખીને, દર્શાવે પૂરણ પ્યાર-બંધુઓ
અખંડ રૂપમાં નિત્ય ડોલાવે, ખામી ન રાખે લગાર-બંધુઓ
અલભ્ય લાભ તે આપે છે નિશ્ચે શું કહું વારવાર-બંધુઓ
મલિન મનને કરે પ્રકાશિત, બતાવે શક્તિ અપાર-બંધુઓ

પદ ધીરાનું.

જીવન મુક્ત કોઈરે, મિથ્યાવાદી બહુ ફરતા,
જ્ઞાની કોઇ હોયેરે, અજ્ઞાની તો બહુ બકતા જી
પાષાણ માર્ગમાં પડયા બહુ, રત્ન ન ઠામોઠામ,
બગલા તો દીસે ઘણેરા, હંસ ન ગામેગામ,
આત્મ તત્ત્વ જાણેરે, કોઇ આગે છે વધતા. જી
પુષ્પોતો છે ઉપવન માંહી, રૂપાળાં અનેક,
સુગંધ તો કોઈ આપે છે, કોઇ ધરે વિવેક,

અવિવેકી ઝાઝારે, મૂછ નીજ મરડતા. જી.
કાચોનો તો પાર નથી કંઈ, હીરા બધે ન હોય,
કંટકો દીસે ઘણેરા, મલ્લિકા તે કોય,
ગુપ્ત જ્ઞાની કોઇરે, આનંદ અંતરે ભરતા. જી.
કસ્તુરી ન સોંઘી ભાઈ, બેસે ઝાઝું દામ;
પલાંડુ સસ્તે મળે છે, આવે ન તે કામ,
જ્ઞાની તો ધિક્કારેરે, દૂર તેથી છે વસતા. જી.
આદર્શ જેવું અંતર થાતાં, દર્શન દે નિરધાર,
પાત્રતા ભાળી દે છે નિશ્ચે, ગુપ્ત જ્ઞાન સુખકાર,
ભવ ભય ભાગેરે, અજવાળું પૂરું કરતા. જી.
અમૃત પેઠે શાન્તિ આપે, ટાળે પંચ કલેશ;
વિષય વિષને હરી લે છે, આપે છે ઉપદેશ;
માયા ટાળી નાંખેરે, આનંદ અંતરે ભરતા. જી.
ભાગ ત્યાગ લક્ષણા બતાવી, **તત્ત્વમસિ** નું જ્ઞાન,
આપે સિદ્ધાન્તો સમજાવે, ટાળે છે અજ્ઞાન,
બાકી નહિ રાખેરે, શિષ્યો સિંધુને તરતા. જી.
જ્યાં સૂધી ન મેલ કપાયે, દે છે સુબોધ સાર;
ઉદ્દાલકે શ્વેતકેતુને, દીધું છે નવ વાર,
મહા વાકયનું જ્ઞાનરે, કોઇ મોહને હરતા. જી.
નાડીની પરીક્ષા કરતા, વૈદ્ય કો ઉત્તમ ભાઇ;

વ્યાધિને જાણી લઇને, આપે છે દવાઈ,
સુખ અતિ થાયેરે, રોગી આનંદને ધરતા. જી.

પદ.

પ્રભુજી તારો મુને આધાર;
હું અજ્ઞાની જાણું ન કાંઇ, સંસારથી પાર ઉતાર–પ્રભુજી.
માયાએ ઘેર્યો મુઝાવ્યો ઝાઝો, ખવરાવી ઝાઝી હાર–પ્રભુજી.
જેવો તેવો હું દાસ છું તારો, રાખ વિભુજી પ્યાર–પ્રભુજી.
અદ્ભુત લીલા વિશ્વમાં ભાસે, શક્તિ તણો નહીં પાર–પ્રભુજી.
તારી સત્તા વિના ગતિ ન મળતી, ભૂલે છે તુને ગમાર–પ્રભુજી.
મેરૂનું તૃણને તૃણનો મેરૂ, કરે તું પાલનહાર–પ્રભુજી.

પદ. સોઈ રામ સમરોરે એ રાહ.

શ્રીવિભુ તારોરે, હું શરણ પડયો કીરતાર,
ભ્રાન્તિ ટાળોરે, હું વંદું સરજનહાર. શ્રી.
નિરવયવ નિત્યનિરંજન, નમું નિરાકાર;
અપ્રાણને અમન દેવા, અચ્યુત અવિધાર,
નેતિ નેતિરે, કહે વેદ અહો સુખકાર. શ્રી.
અમૂર્ત્ત અજ અસંગ નિત્યે, અમૃત અક્ષય સાર;
અભય ધ્રુવ છો કૂટસ્થ ત્રાતા, શક્તિ અપરંપાર,
આપો શાન્તિરે, નવ પામું પ્રભુ પાર. શ્રી.
સૂર્ય ચન્દ્રને તારા વિજળી, તેજ ન દે લગાર;
અગ્નિનું તે શું ગજું છે, અચિંત્ય છો નિરધાર,

માયા કાપોરે, છો અખંડ વિશ્વાધાર. શ્રી.
સમુદ્રથી જેમ તરંગ ઉઠે છે, પ્રકટે આ સંસાર;
ઉર્ણુનાભિવત્ ક્રીડા કરીને પુનઃ સમાવો સાર,
મુનિ ગાયેરે, તમ કીર્તિ વારંવાર. શ્રી.
પતિત પાવન પરમાત્મા છો, પ્રણમું પાલનહાર;
સત્ય જ્ઞાનને અનંત રૂપ છો, શું કરૂં વિસ્તાર,
સઘળે શક્તિરે, તમ વ્યાપી સર્વાધાર. શ્રી.

પદ કલ્યાણ.

નમું નમુ જય મુરલીધારી વિભુ નટવરા,
તમ કૃતિ ગતિ અતિ ત્રાતા, વંદું ભયહરા નમું.
પરમેશા પરમ કૃપાળુ, જય બંસીધરા;
વિઘ્નહારી હે દયાળુ સેવે નિર્ઝરા. નમું.
પ્રણત પાળ કષ્ટ ટાળ જ્ઞાતા જગધરા,
સર્વ ભૂત માંહી ગૂઢ, રહ્યા સુખ કરા. નમું.
અનંતછો અચ્યુત દેવા, પ્રણમું મનહરા,
સંકલ્પથી કીધી સૃષ્ટિ, વિભુ મનઠરા. નમું.
આદિ અંત નથી કંઇ, માધવ સુંદરા,
તારા સૂર્ય ચંદ્ર પેદા કીધ કંદરા. નમું.
સર્વેશા સેવું સદા હું, અજર અમરા,
તમ પ્રતાપે શેષ નાગે, ધારી છે ધરા. નમું.
માયા મોટી છે તમારી, ભમ્યા મુનિવરા,

અચલને અકલ નાથ, અમલ શુભભરા. નમું.
નગ નદી ને સિંધુ વાપી, સર્વે દુઃખ હરા,
અણુ નથી તમ વિણ ખાલી, હરિ જયકરા. નમું.

પદ.

મન દ્વિજ શું હર્ષ ધરીને, વિશ્વ તરૂપર ધાયેરે.
મોહ ફલ ખાવાથી તુને, આનંદ ખોટો થાયેરે,
લંપટ બનીને જુએ ન કાંઇ, મિથ્યા શું ફુલાયેરે. મન.
લોભ મરૂતથી રાજી રહેશું, હોંસ ધરી શું ગાયેરે,
સત્ વસ્તુને ભૂલીજઇને, શાને ગોથાં ખાયેરે. મન.
કાલ વ્યાધ પાસે ઉભો છે, દયા ના જરાયેરે,
કઈ પંખીને ઝડપી લીધાં, દુષ્ટ અતિ મનાયેરે. મન.
પાંખ તારી પીખીને થાશે, રાજી એ ઉરમાંયેરે,
ચેત ચેત તુને ચેતાવું, ડંકો વગાડી આંયેરે. મન.
પ્રભુ નામનુ સ્મરણ કરી લે, જેથી દુ ખ દૂરજાયેરે,
જન્મ મરણના ફેરામાંથી, મુક્ત સદા થવાયેરે. મન.

પદ.

જીવ તું શાને મોહને ધરે, તારૂં સ્વરુપ ભૂલ્યો તું ખરે,
માયામાંહિ ગુંથાઇ જઈને, મારૂં મારૂં શું કરે,
પરમાત્માથી ભિન્ન નથી તું, ભ્રમિત થઈ શું ફરે–તારૂં
લક્ષ ચોરાશીમાં અટવાયે, મમત્વ શાને ભરે;
સ્વતઃ સિદ્ધ તું છે નિરંજન, શાને તે વિસરે–તારૂં.

રાત દિવસ ચિંતા ઉઠાવે, એથી નહીં તું તરે;
કોણ છે તે જો વિચારી, શાને બોલે છે અરે–તારૂં
અધો સ્થાને જઇ બેઠો શું, એથી અર્થ નહીં સરે,
અમૃતને પડતું મૂકીને, વિષ થકી શું ઠરે–તારૂં.
સુખ દુઃખ એ છે મનના ધર્મો, તું શાને તે ધરે;
રજ્જુમાં સર્પની ભ્રાંતિ, માની શાને ડરે–તારૂં.
કાયા કાચા કુંભ સમી છે, માયાને શું વરે,
સંસાર સિંધુમા ડૂબ્યો તું, પાર નહીં ઉતરે–તારૂ.
ચાર દિવસનું ચાંદરણું છે, ખીલ્યું તે તો ખરે,
બ્રહ્મ વિદ્યાને ભૂલી જવાથી, કદી નહીં તુ તરે–તારૂં.
પંચભૂતથી દેહ ઉત્પત્તિ, તું નિરાળો ખરે;
ભ્રમણા માંહિ શાને ભટકે, માયાને આશરે–તારૂં.

પદ ધીરાનું.

મોહી શાને રહ્યોરે, કાલ પાશ લઇ ફરે;
નહીં તું વિચારેરે, અસત્યથી નહી ડરે–મોહી.
તૃષ્ણા કેરો અંતન આવે, શાને તું લપટાય;
મૃગજલથી તૃષ્ણા નવ જાયે, મિથ્યા શું હરખાય
કરે મારૂં મારૂ રે, સૃષ્ટિ સિંધુ નહીં તરે–મોહી.
કાયાની માયા શું રાખે, ધારે શાને જોર,
જમદૂત જ્યારે ઝાલી લેશે, ચાલશે નહીં કંઇ જોર,
ખોટી બાજી માંડીરે, અર્થ એથી નહીં સરે–મોહી.

લક્ષ ચોરાશીમાં ફર્યો છે, સમજ સમજ કંઇ મન;
ધન સ્ત્રી અંતે સાથ ન આવે, ઉડશે તુજ યૌવન,
તન ખાખ થાશેરે, મમત્વ તું શાને ભરે–મોહી.
વિષય પન્નગ છે ઝેરી ઝાઝો, રહે તું સમજી દૂર,
પૂર જરૂર એ પાપી માની, હણુ બનીને શૂર,
ક્રૂર કાલ ખાશેરે, વૈરાગ્ય તું નહીં ધરે–મોહી.
કંઇ ગયા કંઇ ચાલ્યા જાયે, કાલ કરેછે કામ,
કામની માંહી લુબ્ધ થઇને, સેવે છે શું કામ;
રામ ભજી લેનીરે, ખીલ્યુ તે તો ભાઇ ખરે.–મોહી.
નહુષ માંધાતા દિલીપને, શિબિ સરખા ભૂપ;
પૃથ્વીપર આજે ન તેઓ શુ પડયો મોહ કૂપ,
રૂપ જોઇ બહેકેરે, વિષય વનમાં જઈ ઠરે.–મોહી.
જંતુમાં નર જન્મ મોટો, કર તેનો વિચાર,
માર મારતુ હામ ધરીને પસ્તાશે નિરધાર,
માર ખાય ઝાઝોરે વૃત્તિ શાને તારી ફરે.–મોહી.

પદ.

મનવા હરિ ભજન કરીલે.
મસ્ત બનીને ઘુમે શું ઝાઝું સંસારને તરીલે,
ભ્રમણા માંહી શાને તું ભટકે, રામ રસ ભરીલે. મન.
હરિ નામનો મહિમા મોટો, પૂરણ તું ઠરીલે. મન.
ઇચ્છા ધરે શીદ નિત્ય નકામી; પ્રભુ હીરો ધરીલે. મન.
કાલનો ડંકો નિત્ય વાગે છે. ભકિત વને ચરીલે. મન.

પદ ધીરાનું.

આ તન ખોટું રે એની માયા શીદ ધરો,
જુઓ વિચારીરે, અચલ પદમાં જઈ ઠરો. આ
પંચ કોશને ભેદી નાંખો, વૃત્તિ કરો એક તાર,
અખંડ સુખને પામો સર્વે, આનંદ લો અપાર,
શત્રુઓ દબાવોરે મસ્ત થઇ પછી ફરો. આ
ભ્રમણા ખોટી છે તમારી, મિથ્યા આ સંસાર,
દેહ ગેહનો સ્નેહ શું રાખો, પ્રિય ગણો શું નાર,
કાલ ચક્ર ફરેરે, બચો ભાઇ ભકિત કરો. આ
આત્મા એક અવિચલ નિશ્ચે, પામે ન તે નાશ,
ઘટ પામે છે નાશ પરંતુ, સ્થિર રહે આકાશ,
ભૂમા સાચું સુખરે, શ્રુતિ તણો બોલ ખરો. આ
સુખ દુઃખ મનના ધર્મો ભાઈ, આત્મા નિરાકાર,
ક્ષુધા પિપાસા પ્રાણના ધર્મો, ચેતી લો આવાર;
જન્મ મરણ દેહનેરે, મિથ્યા શોક તમે હરો. આ

પદ.

ખોટો ભાઈ ખોટોરે, સંસારનો ખેલ સહી
શાને લપટાઓરે, આયુષ જાશે બધું વહી.–ખો.
જેમ કોઈ પામે સ્વનપ માંહી, અતિશે મોટું રાજ;
જાગીને જોતાં કરે છે, નીજ હર્ષનો ત્યાજ,
ઐહિક સુખ તેવું રે, સાચું એને જાણો નહિ–ખો.

ગંધર્વ નગરની કલ્પના, આકાશમાં મિથ્યાય;
સ્થાણુમાં પુરૂષની ભ્રાંતિ, કેમ સાચી એ થાય,
ભૂલો ભાઇ ભૂલોરે, મન નીજ છોડી દઇ–ખો.
તૃષ્ણાકેરી બેડી પહેરી, શું મનમાં મલકાઓ;
ઘેરાયા છો પૂરેપૂરા, શાને રાજી થાઓ,
ખોટી પ્રીતિ ધારોરે, લક્ષ્મી કહો કોની રહી–ખો.
બુદ્‌બુદવત્ છે આયુષ આતો, ઘડો શું મિથ્યા ઘાટ,
યમપુરીમાં પડશે દુઃખ તવ, થાશે બહુ ઉચ્ચાટ,
ફુલી શાને ફરોરે, ગર્વ રાખી ઉર મહીં–ખો.
પડછાયાને ભૂત માનીને, ડરે જેમ કો બાળ;
તેવી મિથ્યા ભ્રાંતિ રાખો, ગુંથો મોહની જાળ,
શ્રધ્ધા નહીં રાખોરે, ચાલો નહીં જ્ઞાન લહી–ખો.
રક્ત કુસુમની પાસે દીસે; શ્વેતમણિ પણ લાલ,
આત્મા લેપાયે ન કોથી, ચેતો વૃધ્ધને બાળ,
અખંડ છે જ્યોતિરે, સંભારો સૌ એને અહીં–ખો.

પદ ધનાશ્રી.

ધરે શું તું અભિમાન, દેહનું ધરે શું તું અભિમાન;
કાચા કુંભને ફુટતાં શાનો, વિલંબ થાય નાદાન–દેહ.
ચપલા જેવું આયુષ ચંચલ, ફરે શું થઇ મસ્તાન–દેહ.
કાચું સૂત્ર ઝટ તૂટીરે જાશે, રાખે નહીં કંઇ ધ્યાન–દેહ.
મલ મૂત્રને રૂધિરે ભરેલો, કરે શું તેનું ગાન–દેહ.

પરમ પદથી ખસી જઇને, શાને તું થાય હેરાન–દેહ.
સ્થૂલતાને શીદ ખૂબ વધારે, મારે શું મિથ્યા તાન–દેહ.
કોણુતું તે જરા જોની વિચારી, બને શાને અજ્ઞાન–દેહ.
અચ્યુત તું નિત્ય નિશ્ચે અનાદિ, ભૂલી ગયો શીદ ભાન–દેહ.
રત્નને છોડીને કાચ ગ્રહે શીદ, માગે ઝાઝુ શીદ માન–દેહ.
મોટાઇ તારી ન રહેશે કદાપિ, ધર સુબોધ તું કાન–દેહ.
પીયૂષને શીદ મૂકી દઇને, જઈ બેસે અધો સ્થાન–દેહ.
ગાળાગાળી શાને ભાઈ કરે છે, મચાવે ખોટું તોફાન–દેહ.
પાશ નાંખી કાલ ઉઠાવી જાશે, રહેશે નહીંજ ગુમાન–દેહ.
શાને કરે નહીં હોંસ ધરીને, ભક્તિ નદી મહીં સ્નાન–દેહ.
કૂટાય શાને જોતુ નિહાળી, ચઢી જ્ઞાન સોપાન–દેહ.
ચિ તામણિને શાને ગુમાવે, નથી કો તુજ સમાન–દેહ.
નહીં તું પ્રાણ ને ઉદાન વાયુ, અપાન ન વ્યાન સમાન–દેહ.
મોહને ત્યાગી જા હવે જાગી, કર સુધારસ પાન–દેહ.

પદ દેખા નહીં કછુ સાર–એ રાહ.

પ્રભુ ભજન કંઇધાર, હવે તું પ્રભુ ભજન કંઇ ધાર;
આયુષ છે આ તારૂં થોડું, વિજળીનો ચમકાર (૨) હવે.
પદવી મોટી કામ ન આવે, ખાશે યમનો માર,
અહંતા મમતામાં ડૂબ્યો, ના ભાળે લગાર (૨) હવે.
કાળે કંઇને કચરી નાંખ્યા, ધરે શું મિથ્યા પ્યાર,
રમણિ એ છે માંસ પૂતળી, ભેટે શું વારંવાર (૨) હવે.

માંધાતા નહુષ પાસે તો, હુતો ન ધનનો પાર,
ગઇ કોડી નહીં તેઓ સાથે, જો કરી વિચાર (૨) હવે.
ચિંતામણિને છોડી દઇને, ગ્રહે તું કાચ ગમાર,
ખોટો ખેલ રહ્યા છે ખેલી, પસ્તાશે નિરધાર (૨) હવે
પુત્ર તનયા સાથ ન આવે, જાશે યમને દ્વાર,
ગૃહ બગીચા બંગલા અત્રે, રહી જાશે કંઇ ધાર (૨) હવે.
પાણી વલોવે કદી ન નિકળે, માખણ સુખ કરનાર,
રેતીમાંતે તેલ નહીં કંઇ. સાચો સરજનહાર (૨) હવે.

પદ.

હું નિરાકાર નિત્ય નિરંજન. બંધ મુને ન કાંઇરે,
સાકાર વસ્તુ બંધન પામે, શ્રુતિ કહે છે ગાઇરે,
કૂટસ્થને હું નિરાલંબ છું, જાઉં નહીં પકડાઇરે. હું.
બંધ નહીં તો મોક્ષ તે શાનો જાઉં નહી જ દબાઇરે,
નિર્ગુણ સાક્ષી નિર્વિશેષ છું, કીર્તિ અતિશ ગવાઇરે. હું
પુરાણ અજને શાશ્વત નિશ્ચે સત્તા પૂર્ણ ગણાઇરે,
નિર્વિકારી અસંગ હું છું, જાઉં નહીંજ ફસાઇરે,
સાકાર વસ્તુ શસ્ત્રો છેદે અગ્નિ બાળે ભાઇરે,
પાણી ભીંજવે નભસ્વાનથી જાયે તે સૂકાઇરે હું.
ચક્ર પેઠે મૂર્ખો ભમતા, માયા માંહી તણાઇરે,
નિજ સ્વરૂપના વિસ્મરણથી, જાયે ખૂબ મુઝાઇરે. હું.

પદ.

અરે આ માંડી મોહની બાજી, મૂર્ખ તું રહે છે શીદને રાજી
પરદોષ શોધે ભરાયે ક્રોધે, જતો નથી કંઈ લાજી,
કીડો બન્યો છે સંસાર કેરો, કરે મિથ્યા પતરાજી. અરે.
હુંપદમાં છાકી ધિક્કારે, અન્ય બને મિજાજી,
મસ્ત બને છે છૂટો મૂકીને, મન રૂપી જેવાજી. અરે.
દંભ ધરે છે શીદ નકામો, વદે શું ગાજી ગાજી,
ભ્રમણા માંહી ભૂલ્યો પડયો છે, શું કહું તુને પાજી. અરે.
સ્વાર્થ ખાતર પગે પડતો, કરે છે હાજી હાજી,
વિસારી મૂકયો શ્રીહરીને, રહ્યા જે સર્વે બિરાજી. અરે.

પદ ધીરાનું.

જ્ઞાનીજન હોયેરે, પરીક્ષા તે કરે ખરી,
માર્ગ સુ બતાવેરે, સર્વ વિઘ્ન લીએ હરી. જ્ઞાની
ખાખર ખીલોડી શું જાણે, શર્કરાનો સ્વાદ,
બધિર તે શું જાણી શકે, દુંદુભિનો નાદ;
વિષકીટ જેહરે, રહે વિષમાં તેહ ઠરી. જ્ઞાની.
રત્ન કેરી ખૂબી ઝાઝી, શું જાણે છે મૂઢ?
ગર્દભ તે શું સમજી શકે, વેદ વાણી જે ગૂઢ,
કૂપ મંડૂક જેહરે, જાય સિંધુ થકી ડરી. જ્ઞાની.
માયાનો કીટ જેહ બન્યો છે, ડૂબ્યો ગૃહ સંસાર,

સદ્ વસ્તુને તે ધિક્કારે, સમજે નહિ લગાર;
ખોટો ખેલ ખેલેરે, લજજા પામે નહીં જરી.
અંધા આગળ દર્પણ ધરવું, નકામું છે સાર;
અપંગ તે ન પર્વત ચઢશે, શું કહું વારંવાર,
હોય જે સંસ્કારીરે, આનંદ લે છે ઉર ભરી જ્ઞાની.

પદ સોઈ રામ સમરોરે– એ રાહ.

રાખો રાખોરે હું દાસ તમારો સાર,
શ્રી વિભુ પાળોરે, હું નહિ ભૂલું આભાર–રાખો.
માયામાંહી અંધ બન્યો છું, સૂઝે નહીં લગાર,
કામ ક્રોધને લોભ દબાવે, હું બન્યો લાચાર,
તારો તારોરે, હું અપરાધી કીરતાર–રાખો.

તૃષ્ણા નારીએ જીત્યો છે, ખવરાવી છે હાર;
અહંતા મમતામાં છાકયો, ધરો પ્રભુજી પ્યાર,
હાર્યો હાર્યોરે, તમ શકિત અપરંપાર. રાખો.

બહુ વિચારી જોયું મેં તો, સ્વાર્થી આ સંસાર,
ગરજ સરી કે વૈદ્ય વેરી છે, ભૂલે છે ગમાર.
બાળો બાળોરે, મમ દુરિત વિભુ આવાર. રાખો.

માયાનો પડદો મોટો છે, ઢાંકે જ્ઞાન અવિધાર,
કૃપા કરો હે કૃપાના સિંધુ, વંદું પાલનહાર;
આવ્યો આવ્યોરે, હું શરણુ સરજનહાર. રાખો.

પદ. રાગ પીલુ.

તન ધનની શું રાખે વડાઇ, મૂર્ખ તું મોહમાં જાયે તણાઈ
આયુષ તારૂં છે વિદ્યુત જેવું, માયામહીં શીદ જાય ફસાઇ. તન.
યૌવન તારૂં ન રહેશે કદાપિ, ઉડશે પ્રાણ શું ઉડે હવાઇ. તન.
મારૂં મારૂં શું તું કરી રહ્યો છે, અજ્ઞાનતાથી શું જાયે ફૂલાઇ. તન.
જીવન વસ્ત્રને કાતરે નિશ્ચે, કાળ મૂષક તેનું જો કંઈ ભાઇ. તન.
છાતી કાઢી શીદ મૂર્ખ ફરે છે, અક્ષિ કરી બંધ જુએ ન કાંઇ. તન.
વૈભવ સ્થિરના જોતું વિચારી, બુદ્દ બુદ જેવા છે જાયે દબાઇ. તન.
રાજ્યું તારૂં નહિ રહેશે કદાપિ, તૃષ્ણા નારીથી શું જાયે ઝલાઈ. તન.
અંતે મૂકી જાવું સર્વ હે ભાઇ, શાને કરે છે તું મિથ્યા કમાઇ. તન.
તારૂં નહીં તેને બાઝે છે શાને, મૃત્યુ પકડશે તું જાશે મુઝાઇ. તન.

પદ ધીરાનું.*

કીડી કરિગળેરે, આશ્ચર્ય લાગે મને ખરે;
ખદ્યોતથી દબાયેરે, ભાનુ અતિ દુઃખ ભરે. કીડી.
મક્ષિકાએ પીધો સમુદ્ર, શું કહું હું આવાર,
ગર્દભની ચાલે દબાયો, વારૂ જે તોખાર,
અરે આ ઉંદરડીરે, સર્પ તણો પ્રાણ હરે. કીડી.
કાગથી હંસ ગયો ચંપાઇ, ખાધી ઝાઝી હાર;

---

* આ કવિતાનો યોગ્ય અર્થ લખી મોકલનારને દશ ચોપડી મફત આપવામાં આવશે.

કોડીએ રત્ન દબાવ્યું, કરૂં શું વિચાર,
અજે વાઘ જીત્યોરે, અતિ મસ્ત થઈ ચરે. કીડી
સંત પુરુષ તો ચેતી જાશે, સમજે નહિ ગમાર,
ગોળખોળ શું સમજી શકશે, મૂરખનો સરદાર,
અતિ અફળાયેરે, ખોટી ખુશી મન ધરે. કીડી.

પદ. આશાગોડી.

જેઓએ જીતી દુસ્તર માયા, સ્થિતપ્રજ્ઞ તેઓ નિશ્ચે ગણાયા. જે
ઇંદ્રિયોનો કીધો સંયમ પ્રીતે, વિશ્વ મહીં તેઓ ડાહ્યા મનાયા. જે.
મુમુક્ષુ તેઓ પૂર્ણ મનાયે, વિષયમાં જેઓ નાહીં તણાયા. જે.
નશ્વર વસ્તુમાં પ્રીતિ ન ધારી, ભોગવિલાસથી નહીં દબાયા. જે.
ષડ્ રિપુને જીત્યા જેઓએ, દ્રવ્ય સાચું તેઓ પૂર્ણ કમાયા. જે.
હર્ષ શોકને સમ ગણે છે, પ્રપંચ માત્રમાં નહીં ફસાયા. જે.
વાન્તિ પેઠે તજ્યા વિષયો સર્વે, સમાધિ ધારીને પૂર્ણ ધરાયા. જે.
કૂર્મની પેઠે વૃત્તિ સમેટી, સ્વાત્માનંદથી તેઓ ભરાયા જે.
ત્રિવિધ તાપથી દૂર રહ્યા છે, નથી જરા પણ મન ઝુરાયા જે.

પદ ધનાશ્રી.

ભાઇઓ મરણથી શું ડરવું.
જેથી જન્મ સ્થિતિ નાશજ થાયે, ભજન તેનું શુભ કરવું. ભાઇ.
અજ્ઞાન મૃત્યુ શ્રુતિ કહે છે, જ્ઞાનથી પાર ઉતરવું. ભાઈ.
અખંડ આત્મા નાશ ન પામે, સ્મરણ માંહી વિચરવું. ભાઈ.

મનના નાશથી વાસના નાસે, સત્યને સર્વદા ધરવું. ભાઈ.
પ્રવૃત્તિ કેરો પાર નથી કંઇ, નિવૃત્તિ નારીને વરવું. ભાઈ.
જ્ઞાનીને હર્ષ ને શોક નથી કંઇ, સદા એ પદમાં ઠરવું. ભાઈ.
કર્મ આવીને જોર બતાવે, દુઃખ તેથી નહીં ભરવું. ભાઈ.
જ્ઞાન થતાં કર્મ બળે છે સર્વે, શ્રુતિ વચનથી તરવું. ભાઇ.
સંસાર મિથ્યા કલ્પિત ભાસે, સ્મરણ એહનું હરવું. ભાઈ.
બ્રહ્મ વિના નથી અન્ય કો વસ્તુ, દશ્યમાં ન કદી સરવું. ભાઈ.
વિષય વેગને કદી બતાવે, અજ્ઞાન ગ્રાસ ન ચરવું. ભાઇ.
સ્વરૂપ કેરી ઓળખ થાયે, ફરી નથી અવતરવું. ભાઈ.

પદધીરાનું

હરિજન હશેરે, જ્ઞાન પામી સુખી થશે
જરી નહિ ખસેરે, માયા માંહી નહિ ફસે. હરિ.
પદ્મ પાસે ષટ્પદ જાશે,થાશે રાજી પૂર;
આમ્ર દેખી કોકિલ ધાયે, ધારે ખુશી ઉર
શ્વાન અતિ ભસેરે, સાધુ દેખી નહીં હસે. હરિ.
નવપલ્લવ પાદપને દેખી, પતત્રિ પ્રીતે જાય;
ચિંતામણિને જાણે કોઇ, અંતરે મલકાય
હોંસે લેવા ધસેરે, જરી પણ નહીં ચસે. હરિ.
હીરાની પરીક્ષા કરશે, હશે ઝવેરી જેહ;
કલ્પવૃક્ષની પાસે જાયે, સંસ્કારી નર તેહ;
ફસાય ન કશેરે. ભક્તિમાંહી ડૂબી જશે. હરિ.

ભાગ્યશાળીને અમૃત મળશે, જેનો સ્વાદ અપાર
બહુ જન માર્ગમાં ભમે છે, કોઈ ચઢે તોખાર
ન્યાય ઉર વસેરે, મોહ સર્પ નહીં ડશે. હરિ.
જ્ઞાનીને મન રાત્રિ જે છે, મૂર્ખાને મન દીન
ભક્ત ભક્તિ પ્યાલો પીએ, રખડે જનો દીન
હાથ અંતે ઘસેરે, બોધ રૂડો નહીં ઠસે. હરિ.
કોલસાને ઉકાળો પયમાં, તદપિ શ્વેત ન થાય;
નિંબમાં મધુ સીંચો કિંતુ, કટુતા કદીન જાય;
મૂર્ખ દુઃખી થશેરે, ભરાય ન ભક્તિ રસે હરિ

પદ

સંસાર સ્વપ્ના જેવો જાણી, ભજીલે પ્રીતે સારંગ પાણિ,
કાયા છે આ કાચી તારી, મોહમા શું લપટાયે.
નવદ્વાર છે ગંદાં કેવાં, એથી શું રાજી થાયે. ભજી.
માંસ લોહી મજજાથી રાચે, અસ્થિથી ફુલાયે,
રત્ન મૂકીને કાચ ગ્રહે છે, પૂર્ણ વેગથી ધાયે. ભજી.
વિષમાં તે ન અમૃત હોયે, શું મનમાં હરખાયે.
શીતલતાન અગ્નિ માંહી, ચેત ચેત કંઇ આંયે. ભજી
ચિંતામણિ આત્મા મૂકીને, શાને મૂઢ ફસાયે
સમૃદ્ધિને પ્રાપ્ત કર્યાથી, અમર કદી નહીં થાયે. ભજી.
ઘૃતમાં ઝંપલાવી મક્ષિકા, દુઃખ અતિશ ધરેછે,
દીપકમાં કૂદે પતંગતો, નિશ્ચે તેહ મરે છે. ભજી.

પ્રાણુ ઇંદ્રિય તું ન બુદ્ધિ, તું ન અનિલ આકાશ,
સ્વતઃ સિદ્ધ તું છે નિરંજન, અખંડ ને અવિનાશ ભજી.
ત્રણુ ભેદથી તું ન્યારો સર્વદા, અજર તું પુરાણુ,
ષડ વિકારથી પૃથક તું નિશ્ચે, તેની તને ના જાણુ. ભજી.

પદ હોરી.

અરે મન આશી પડી ટેવ તારી, દીધું તત્ત્વ સાચું વિસારી. આશી.
ઝાલી રાખું તોએ ભાગી તું જાયે, તૃષ્ણાને પૂર વધારી.
વિષયમાંહી તું રંગાઇ જાયે, લેતું નથી શુભ ધારી. આશી.
અંધાની પેઠે અથડાયે ઝાઝુ, ન્હાય પ્રવૃત્તિ નારી,
અંજાઇ જાય તું કટાક્ષથી બહુ, બને છે પૂર્ણ વિહારી. આશી.
ઉઠાવે વૃત્તિ પાર નહીં કંઈ, ગણે નહીં તું અકારી,
સંપત્તિ દેખી આસુરી મોહે, થાય છે કેમ વિકારી. આશી.
તત્ત્વાભ્યાસથી પાછુ હઠે તું, આવે તુને કંપારી,
કામ ક્રોધાદિને નિત્ય ભજે છે, ભજે નહીં કંસારી. આશી.
પર નિંદાને ચાડી કરતાં, જાતું નથી કંઇ હારી,
હરિ ભજનથી પાછું હઠે છે, પ્રેમ તું નાંખે ઉતારી. આશી.
જે વસ્તુમાં સુખ નહીં કંઈ, ગણે તેને ખૂબ પ્યારી,
ઝંપલાવેતું પતંગ પેઠે, આશા શકે નહીં મારી. આશી.
અહંકારરૂપી પન્નગને તું, શીદ માને સુખકારી,
ઉતરે નહીં એનું વિષ કદાપિ, જો તું કંઇજ વિચારી. આશી.

બ્રહ્મામાં કલ્પિત વિશ્વને જાણી, અહંતા નાંખ વિદારી,
સપડાશે નહીંતર મચ્છની પેઠે, શકશે ન કોઇ ઉગારી. આશી

પદ ધીરાનું.

ચેતો તો ચેતાવુંરે, માયામાંહી ફસો નહીં,
તત્ત્વને વિચારોરે, સુખી થાશો પૂર્ણ સહી. ચેતો.
રાત દિવસ આયુષ કપાયે, જુઓ વિચારી મન,
કાળ નગારૂં ડિમ ડિમ વાગે, પ્રિય ગણો શું તન;
ધન ખોટું જાણોરે; છોડી સર્વ જાવું અહીં. ચેતો.
ખીલ્યું તેતો ભાઈ ખરે છે, ભર્યું તે ઠલવાય,
લીલું શુષ્ક થાયે નિશ્ચે, જાયું તે તો જાય;
હાય હાય કરોરે, ફસી ખૂબ મોહ મહીં. ચેતો.
મૃત્યુવશ પ્રાણી છે સર્વે, કેમ ભૂલો છો આમ,
આશા મનની મનમાં રહેશે, ગણો પ્રિય શું દામ;
હામ રાખો ખોટીરે, રાજી થાઓ જ્ઞાન લહી. ચેતો.
કાષ્ઠ મળે છે સરિતા માંહી, પડે છે જૂદાં સાર,
તેવો સંબંધ જાણો ભાઈ. ધરો શું મિથ્યા પ્યાર;
નાર ખોટી જાણોરે, વાધો આગે બુધ્ધિ ગ્રહી. ચેતો.
વસ્રને મૂષક કાતરે છે, કાળ આયુષ તે તેમ;
ભર નિદ્રાથી ઝબકી ઉઠો, સૂઈ રહ્યાછો કેમ,
મારૂં મારૂં ત્યાગોરે, વાણી સાચી નેટ કહી. ચેતો.
શુકિતમાં રજતની ભ્રાન્તિ, મિથ્યા.ભાઇ મનાય;

રજ્જુમાં સર્પ ન હોયે, માને તે મૂર્ખ ગણાય,
મુક્તિ ભાઇ પામોરે, બ્રહ્મ વિદ્યાને પૂર્ણ ચહી. ચેતો.
કલ્પિત વસ્તુ દૂષિત કરે નહીં, નિશ્ચે અધિષ્ઠાન,
ધ્યાન રાખો હે મારા બંધુ, મૂકો ખોટું સહુ માન;
કાન કાંઇ ખોલોરે, મિથ્યા આયુ જાયે વહી. ચેતો.
આદિ અંતમાં હોયે નહીં, મધ્યમહીં ન તેહ,
મિથ્યા ભ્રાન્તિમાં શું ભૂલો, મૂકો ગેહનો સ્નેહ;
પ્રભુ એક સાચોરે. વ્યાપી રહ્યા જહીં તહીં. ચેતો.

પદ.

હું કૂટસ્થ નિત્ય નિરંજન, અસંગ છું નિરધાર,
પંચ કોશથી ભિન્ન સદાછું, હું છું નિર્વિકાર;
પંચ ભૂતના ધર્મોન મારા, સત્ ચિત્ આનંદસાર. હું.
પંચવાયુ તે હું ન નિશ્ચે, શું કહું વારંવાર,
દશ ઈંદ્રિયોથી હું જૂદો, સૂક્ષ્મતમ અવિધાર. હું,
અનાત્મ વસ્તુ હું નથી કંઈ, શક્તિ મુજ અપાર;
ભાનુ માંહી મારૂં તેજ છે, જો કરી વિચાર. હું.
પાપ પુણ્ય ન મારે કાંઈ, નિર્લેપ મુજને ધાર;
અચ્યુતને અનાદિ હું છું, સૌનો પાલનહાર. હું.
ઓતપ્રોત વિશ્વ છે આ મુજમાં, શંકા નહીં લગાર;
મુજ સત્તાથી રમી રહ્યા છે, સકલ આ સંસાર. હું.

સજાતીય વિજાતીયને, સ્વગત ભેદ ન ધાર;
નિર્ગુણ પ્રકાશક હું નિશ્ચે સૌને મુજ આધાર. હું.

શાર્દુલ વિક્રીડિત.

રે ! રે ! રે ! અલિ સુખ શીદ ધરતો, જાશે અરે પ્રાણરે,
ચાહે છે શીદ પદ્મ મૂર્ખ અતિશે, તું મોજ ન માણરે,
જોશે ના તુજ પ્રીતિ નેટ જરિએ, છે ભાન નાહીં તને;
ઉડી જા સુખધાર પ્યાર મૂકી દે, રે ! મૂઢતું શું બને.

પદ.

જાઉં વારી હું જાઉં વારી, ભાઇ જીવનમુક્તપર જાઉં વારી.
ઇષ્ટ કે અનિષ્ટ થાયે, સમદૃષ્ટિ રાખે જારી. ભાઇ.
પ્રપંચ માત્રથી વિરક્ત રહેતો, મન રાખે નહિ વિકારી. ભાઇ.
ખાય પીએ ને ભમે રમે પણ, વૃત્તિ અખંડિત છે ન્યારી. ભાઇ.
અહંતા મમતાથી આઘો, માયા ગણે છે અકારી. ભાઇ.
સમભાવ નિંદાસ્તુતિમાં રાખે, અભેદ દૃષ્ટિ સુખકારી. ભાઇ
સંસાર બંધનથી છૂટેલો, ત્રણ તાપ નાંખ્યા વિદારી. ભાઈ.
સ્થિરતા સારી પ્રજ્ઞા પૂરી, જગ દીધું છે વિસારી. ભાઈ.
પરમાનંદમાં મસ્ત રહે છે, બ્રહ્મ વિદ્યા જાણી સારી, ભાઈ.
વાસનાને ઉખેડી નાંખી, ગણે ન વસ્તુઓ પ્યારી. ભાઈ.
રાખે નીજ વૃત્તિ ઉદાસિન, પ્રેમ નાંખ્યો છે ઉતારી. ભાઈ.
અંતરને રંગી નાંખ્યું છે, મારી જ્ઞાનની પીચકારી. ભાઈ.

લાભાલાભને સમાન ગણુતો, બુદ્ધિ ઉપર છે સરદારી. ભાઈ.
બ્રહ્માકાર રાખે છે વૃત્તિ, વિષયોને અતિ ધિક્કારી. ભાઈ.
ઈદંભાવના નહિ પદાર્થો માંહી, ધૃતિને ગણે છે પ્યારી. ભાઈ.
ચિત્ત શુદ્ધિ સંપૂર્ણ કીધી, શુ વંદુ હું વિસ્તારી. ભાઈ.

પદ ધનાશ્રી.

વ્હારે ધાઓ દયાળ, વંદું હું પ્રીતે વ્હારે ધાઓ દયાળ.
ભક્તને માટે દોડીને આવો, રાખો મારી સંભાળ. વંદુ.
સત્તા તમારી વિશ્વમાં જામી, નમું મુકુંદ ગોપાળ. વંદું.
માર્જારીનાં બચ્ચાં તમે ઉગાર્યાં, અનંત નાથ કૃપાળ. વંદુ.
કૃષ્ણાં કેરાં તમે ચીર પૂર્યાં છે, ગણું હું નામ રસાળ. વંદુ.
સુધન્વાને તમે સહાયતા આપી, કાપો પ્રપંચની જાળ. વંદુ.
ચંદ્રહાસને ઉગાર્યો દેવા, કષ્ટ ટાળ પ્રણુત પાળ. વંદુ.
પ્રલ્હાદને કરી પોતાનો રાખ્યો, સેવું છોડી જંજાળ. વંદુ.
ધ્રુવને તાર્યો કંસને માર્યો, કાળ તણો જે કાળ. વંદુ.
રૂકમાગદને તમે વિભુ બચાવ્યો, બાંધી છે ધર્મની પાળ. વંદુ.
ટીટોટીના તમે રાખ્યાં છે ઈંડાં, હું છું તમારો બાળ. વંદુ.
રાવણ માર્યો પૂરણ પાપી, જીત્યો છે કાળ કરાળ. વંદુ.
કીધાં ઘણાં કામો કહું છું અત્રે, ચાહું જેમ સર મરાળ. વંદુ.
લજ્જા રાખો તમે મારી વિભુજી, ધારો તુળશીની માળ. વંદુ,
કૌસ્તુભ શોભે મુનિઓ લોભે, વંદુ છું હું આ કાળ. વંદુ.
માયા ડરાવે મુને અતિશે, મારી નિરંતર ફાળ. વંદુ.

પદ ગઝલ.

અમે યોગી તમે ભોગી, અમારો પંથ ન્યારો છે,
અમે છોડી દીધી વસ્તી, અમારી ન્યારી છે મસ્તી;
હણ્યો કામરૂપી હસ્તી—અમારો.
તમે સંસારમાં ફરતા, વિષય વનમાં પૂરા ચરતા,
અસત્યથી નથી ડરતા—અમારો.
અમે છોડી દીધી પ્રીતિ, અમારી ભિન્ન છે રીતિ,
નથી કોની જરા ભીતિ—અમારો.
તમે પ્યારી ગણો નારી, નહીં ઈચ્છા શકો મારી,
સીંચો છો મોહની ક્યારી—અમારો.
અમે પ્રજ્ઞા રૂડી ધારી, હાંકયો છે ક્રોધ ધિક્કારી,
લીધું જ્ઞાન તણું વારિ—અમારો.
તમે લોભ પૂરો ધાર્યો, તમે કામ નથી માર્યો,
નથી રાગ જરી હાર્યો—અમારો.
અમે માર્ગ ધર્યો સીધો, ખરે દ્વેષ જીતી લીધો,
પ્રીતે ભક્તિનો રસ પીધો—અમારો.

પદ પ્રભાત.

આ પંચમહાભૂતનું પૂતળું તેને, આમ શું લાડ લડાવેરે.
ત્વચા માંસને રૂધિર મેદથી, દેહ ભરેલો તારોરે.
દ્વાર સંધાંજો શાથી ભરેલાં, એને ગણે શીદ પ્યારોરે.

મદમસ્ત થઇને જેમ કો હુસ્તી, મસ્તકમાં ધૂળ ઘાલેરે.
રંગાઈ જઇને વિષય માંહી, શીદ અતિશે મહાલેરે.
ભોગને માટે દેહુ ન તારો, તત્ત્વથી જોતું તપાસીરે.
ફરી ફરી તું તે ભૂલી શું જાયે, નાંખે છે મોહુની ફાંસીરે.
જડ પ્રાણ તે તું ન ભાઈ, ઇંદ્રિય નહિ તું કોઇરે.
તુજને રંગ લાગ્યો તે મિથ્યા, સદ્ વસ્તુ તેં ખોઇરે.
દૂધ નીરમાંથી મરાલ પક્ષી, દૂધને લે છે ભાઇરે.
અસત્‌માંથી સત્ય ગ્રહી લે, કર તું સાચી કમાઇરે.
ભૂતકાળે તુજ દેહ હતો નહીં, ભવિષ્યમાં નહીં રહેશેરે.
વર્ત્તમાને ભ્રાન્તિથી ભાસે, જ્ઞાની સાચો કેમ કહેશેરે.
જડ દેહુ ન આત્મા ભાઇ, મોહુ એનો શીદ રાખેરે.
ક્ષણભંગુરને નિત્ય ગણીને, બ્રહ્મરસ નહિ શીદ ચાખેરે.
આત્માને માટે વિષયો પ્રિય છે, નહીં તે દેહને માટેરે.
અણુસમજુ તું ભૂલો પડીને, ચાલે છે અવળી વાટેરે.
સામ્યાવસ્થા ત્રણ ગુણોની, પ્રકૃતિ તે કહેવાયરે.
અખિલ જગ ઉપજ્યું છે એથી, અસત્ એહુ મનાયરે.
આત્મા નિર્લેપ સહુનો સાક્ષી, કૂટસ્થને અવિનાશીરે.
કોઇ નહીં મારે એ નહીં મરતો, થા વિવેકનો અભ્યાસીરે.
આકાશ છે સહુ વસ્તુમાંહી, તદપિ નાહીં લેપાયેરે.
તેમ આત્મા લેપાતો નાહીં, અચિંત્ય એહુ ગણાયેરે.
ઘટનો નાશ થતાં કદાપિ, આત્મા નાશ ન પામેરે.

દેહ પડે પણ આત્મા નાહીં, શાને નાહીં વિરામેરે.
નશ્વર દેહને પ્રિય ગણીને, શાને તું અકૂલાયેરે.
નીલત્વ વ્યોમમાં ભ્રાન્તિથી ભાસે, શાને ખૂબ કૂટાયરે.
બોધ દઈ થાકયો બહુ હું તુજને, અસર કેમ ન થાયેરે.
કાણું કુંભમાં પાણી રહે નાહિ, શંકા નાહીં જરાયેરે.
તત્ત્વજ્ઞાન છે કઠિન પ્રથમ પણ, અંતે સુખ બહુ આપેરે.
આધિ વ્યાધિ વળી ઉપાધિને, એ વિણુ ન કોઈ કાપેરે.

પદ પ્રભાત.

દેશ કાલ જાતિથી રહિત સદા છે, નિષ્કલ બ્રહ્મ તે ધારોરે.
આનંદૈકરસ અદ્વિતીય છે, અવિનાશી સુખકારીરે.
જીવ ઇશ્વરથી વિલક્ષણ એ છે, નિરંજન દુ:ખહારીરે.
પરથી પરને નિત્ય અવિચલ, અવ્યય એહ પ્રકાશેરે.
ક્ષુધા પિપાસાથી રહિત લો જાણી, દ્વૈત એથી સહુ નાસેરે.
સુવર્ણની પેઠે એક છે નિત્યે, નામ રૂપે બહુ ભાસેરે.
ભાવના કરતું એની મનમાં, વિષયો એથી ત્રાસેરે.
સૂર્યદેવથી તમ નાસે છે નિશ્ચે, જ્ઞાનથી એહ જણાયેરે.
અવિદ્યા સહુ ભાગી જાતાં, આનંદ અદ્ભુત થાયેરે.
અવિદ્યા છે અનાદિ પણ, નિત્ય ન લેતું ધારીરે.
ભ્રાન્તિથી તું શાને ભૂલે છે, જાશે અંતે સહુ હારીરે.
જાગ્રતથી સૌ સ્વપ્નની વાતો, ઉડી તતક્ષણ જાયરે.

બ્રહ્મવિદ્યાથી ભાગે અવિદ્યા, કલ્પિત વિશ્વ જણાયરે.
ઉદકમાંથી પંક કાઢતાં, શુદ્ધ રહેશે વારીરે.
ઉપાધિને સહુ ત્યાગી દેતાં, રહે છે બ્રહ્મ લો ધારીરે.
કલ્પિત વસ્તુ અધિષ્ઠાનથી, ભિન્ન કદી ન જાણોરે.
મૃત્તિકાથી ઘટ કદી ન જૂદો, શાને મોહને આણોરે.
બ્રહ્મ વ્યાપક છે આકાશ પેઠે, તર્ક મહીં નહીં આવેરે.
મન બુદ્ધિ ત્યાં પહોંચી શકે નહીં, સ્વતઃ સિદ્ધ એ કહાવેરે.

પદ ધીરાનું.

કીર્તિ માગે ખોટીરે, જાશે દેહ તારો પડી,
માયા રાખે મોટીરે, ચિત્ત રાખે તારૂં જડી. કીર્તિ.

ચર્મથી આ દેહ મઢેલો, અંદર માંસ રૂધિર,
અસ્થિ મજ્જાથી ભરેલો, જો વિચારી વીર, કીર્તિ.

મોટાઈ શું ધારેરે, કરી વૃત્તિ નીજ ખડી,
નવદ્વાર જો ગંદાં કેવાં, શાને તુ લપટાય;
પર નિંદાને કુથલી કરતાં, કેમ નહીં શરમાય;
શાને થાયે દુઃખીરે, નાંખી પ્રીત મોહ કડી. કીર્તિ.

આશા રાખે મનમાં મોટી, કાલ કરે છે કામ;
જમદૂત ટાંપી રહ્યા ભાઈ, શું સેવે છે કામ,
તારૂં નથી કાંઇરે, વાત કરે શીદ વડી. કીર્તિ.
ક્ષણભંગુર છે આયુષ તારૂં, વિજળીનો ચમકાર;

જે જે ઘાટ ઘડે છે મનમાં, તે જાણે કીરતાર,
વિચારીને જોતું'રે, .આવે નહીં આવી ઘડી. ક્રીતિ.
ધર્મને ધિક્કારીને તું, અધર્મ શાને ન્હાય;
સત્ય તરે છે અંતે ભાઈ, મિથ્યા શું કૂટાઈ,
મારૂં મારૂં વદેરે, તર્ક તુરીપર ચડી ક્રીર્તિ.
મોટા મોટા ચાલ્યા ગયા, પત્તો ના લગાર;
મિથ્યા ભ્રમણામાં શું ભૂલે, તારૂં હિત વિચાર,
ચુંથાઇ તો જાશેરે, ખોટી બાજી શીદ ઘડી. ક્રીર્તિ
માયાએ નીચોવી નાખ્યો, તેનું ન કંઇ ભાન.
ગાનતાનમાં મસ્ત બન્યો શું, રાખ હુવે કંઇસાન;
ઉછાળે છે શાનેરે, પ્રીત ધરી લોભ દડી. ક્રીર્તિ.
યમના મુખમાં જાતાં દેખે, પામે નહીં વિરાગ
તારૂં ધાર્યું ન કાંઈ થાશે, મિથ્યા તૃણા ત્યાગ
રાખ ભાઇ પાસેરે, હરિ નામ કેરી જડી. ક્રીર્તિ
પહોળા હાથ કરીને સૂશે, ફાટી જાશે આંખ
ઘરમાંથી જાશે સ્મશાને, થાશે તનની રાખ
કરશે શું તું ભાઇરે, લોકો સાથે નિત્ય લડી. ક્રીર્તિ

૫૬

તે ગુરૂ શું તારેરે, માયા જેને વહાલી ઘણી
પાર શું ઉતારેરે, મૂર્ખતણો શિરોમણી
જાતે બંધાયો હોયે તે, મુકત કરે શું ભાઇ

વાણી માંહી જ્ઞાન સમાવે, બતાવે પંડિતાઈ,
ભીત્તરમાંહી પાપરે, જુએ નહીં જ્ઞાન ભણી. તે.

અસૂયા નિંદા ઈર્ષા કરતો, ધારી પૂરો ક્રોધ,
અભિમાન નીજ દેહનું ધરતો, ઠસાવે શું બોધ;
અશુદ્ધ છે મનરે, બુદ્ધિ નીચ નીજ તણી. તે

અંધને શું અંધ દોરવે, પડે છે ખાડા માંય;
વાસનાથી જે હોય ભરેલો, તત્ત્વ નહિ સમજાય,
મોટી કરે વાતોરે, અતિશય દંભી બણી. તે.

અહંપદમાં બહેકી જાયે, શુકના સરખું જ્ઞાન;
જન્મ મરણને એ શું ટાળે, માગે ઝાઝું માન,
ભાન નહીં રાખેરે, અનીતિની ભીંત ચણી. તે

સંપત્તિમાં ચિત્ત ધરે છે, માને તેને શ્રેષ્ઠ,
પરદારામાં લુબ્ધ રહે છે, કરે છે કર્મો નેષ્ટ;
જેમ કોઇ મૂઢરે, નાંખે ફોલ્લો નિજ છણી. તે.

આત્મ શ્લાઘા ઝાઝી કરતો, વિષય વશ છે નિત્ય,
ઉપરથી તો ડોળ ધરેછે, વ્યગ્ર અતિશે ચિત્ત,
વાડા બાંધી બેસેરે, જાણે નહીં કાચ મણી. તે.

પદ.

દુર્જનથી ભાગોરે, વિશ્વાસ ન એનો કરો,
મન અતિ પાપીરે, એથી પૂર ઉર ડરો. દુ.

દુર્જનનાં સર્વ અંગોમાં, પ્રસરી રહ્યુ છે ઝેર,
સર્પ વિંછી એનાથી હારે, કરે કાળો કેર;
મિથ્યા વાણી ભાખેરે, બોલે નહીં બોલ ખરો. દુ.
દુર્જન એ કંટક સમો છે, પીડા દે અપાર,
સ્વદોષ સમી સામાની એ, કરે કલ્પના સાર,
કરે છે કુતર્કોરે, એથી નહી ખુશી ભરો. દુ.
અહિત કરતાં પરનું પૂરો, ધારે છે આનંદ,
કપટ રૂપી પાસા નાંખી, હસે છે મંદ મંદ,
નહીં સત્ય રાખેરે, એથી નહીં કદી તરો. દુ.
કુ વસ્તુથી મનમાં રાજી, રહે છે હમેશ;
અસૂયા નિંદા ચાડી કરતો, ભીતિ ધરે ન લેશ,
વેશ ખોટો ધારેરે, એથી નહીં કદી ઠરો. દુ.
પાષાણુમાં કોમલતા શાની, વિષમાં શું મિઠાશ,
કરિયાતું છે કડવું ભાઇ, માનો વાણી ખાસ,
ચેતો ભાઇ ચેતોરે, ભૂલ માંહી શીદ ફરો. દુ.
સત્સંગ કરો માટે ભાઈ, થાય તિમિરનો નાશ,
અંતર માંહી પડશે નિશ્ચે, જ્ઞાનનો સુપ્રકાશ;
સત્વર દેખાશેરે, આનંદનો ચારૂ ઝરો. દુ.

પદ.

અમૂર્ત્ત અનાદિરે, ભજો શંભુ ભાવ ધરી,
પામો સુપ્રસાદીરે, મમતા ભાઇ કરો પરી. અ.

ચન્દ્ર સૂર્ય વિજળીને અગ્નિ, આપે નહીં પ્રકાશ,
મન બુદ્ધિ વાણીથી પર છે, તેજોમય છે ખાસ;
હૃદયમાં બિરાજેરે, જુઓ જાશો સિંધુ તરી. અ.

ઘટ ઘટ વ્યાપક આદ્ય નિરંજન, અકર્ત્તા છે સાર,
અવ્યાકૃતને પ્રકાશદે છે, વિશ્વ બને નિરધાર;
ભ્રાન્તિ ટાળો મોટીરે, જાશો પલકમાંહી ઠરી. અ.

સાધન ચતુષ્ટય ધારી લેજો, સબલ ધરો હથિયાર,
રણ સંગ્રામે ઝુઝો સર્વે, પામશો નિશ્ચેપાર;
સંતો કોઇ દેખેરે, અરૂપ સ્થાણુ જ્ઞાન ભરી. અ.

નિશ્ચયાત્મક બુદ્ધિ થાતાં, જ્યોતિ નેટ જણાય,
નીજ સ્વરૂપમા લીન થઇને, યોગી પૂર હરખાય;
શાન્તિ ઉર વ્યાપેરે, અચલ પદમાં જાય ઠરી. અ.

વેદ વેદાંગ પુરાણો શીખ્યા, એથી નવ ઓળખાય,
આત્મતત્ત્વજવ જાયે ચેતી, પલકમાં પરખાય;
અવિદ્યાને ટાળોરે, જન્મ નહીં આવે ફરી. અ.

૫૬

કોડી નહીં બેસેરે, શંભુ નામ મૂકો નહીં;
શાને અથડાઓરે, ચેતો હવે જ્ઞાન લહી. કોડી-
અજ્ઞાન મૃત્યુ શ્રુતિ કહે છે, નિકળો એથી બહાર,

વિષય વિષને શાને ચાહો, પ્રાણુ હરણુ છે સાર,
કાળુ કાંઇ રાખોરે, તરી જાશો સહુજે સહી. કોડી.
જે વસ્તુને પ્રિય ગણો છો, દુઃખ કર્ત્તા તે થાય,
સોઽહં શિવોઽહં શું ભૂલો, ઘૂંટો હૃદય માંય;
ઉપાય એ સાચોરે, સમય જાય ખાલી વહી. કોડી
ભાનુ ઉગતાં તમ સૌ નાસે, શંકા નહીં જરાય,
ઇન્દ્રિયોથી થાઓ છૂટા, માગો વિભુ સહાય,
સકામતે મૂકોરે, નિષ્કામ કર્મ પૂર્ણ ચહી. કોડી.
પિતૃયાનથી પડશો પાછા, દેવયયાનને ચાહો,
કામ ક્રોધને કાઢી નાંખો, વિભુના ગુણ ગાઓ;
શ્વાસનીજ રૂંધોરે, પ્રાણાયામ કરો અહીં. કોડી.

પદ.

સીધાને તો સીધુંરે, વાંકો વાંકું પ્રીતે ધરે;
કરે છે કુતર્કેરે, અનીતિને નેટ વરે. સીધા.
કેફી તે કેફથી મલકાયે, કરે તેનાં વખાણ,
વિષયી વિષયથી રાચે છે, ચઢે હર્ષ કેકાણ;
નરક જીવ જેહરે, અમૃતથી તે કેમ ઠરે. સીધા.
કૂપ કેરો મંડૂક માને છે, સૃષ્ટિ કૂવામાંય,
સમુદ્રનો જીવ હસતો નેથી, શંકા નહીં જરાય;
જે નહીં ખમાયેરે, મૂર્ખો તેને દૂર કરે. સીધા.

નિવૃત્તિ મૂકીને ચાહે, પ્રવૃત્તિને સાર,
ગર્વમાનને નિત્યે ઇચ્છે, સમજે નહીં લગાર;
મિથ્યા મન ફુલાયેરે, સત્ય થકી નહીં ડરે. સીધા.

પ્રવૃત્તિ સાચી હોયેતો, પુનઃ દુઃખ નવ થાય,
અગ્નિથી અગ્નિ પ્રકટે છે, માને સૌ જગમાંય;
ખોટી એને જાણીરે, જ્ઞાની નહીં કદી ભરે. સીધા.

પ્રવૃત્તિને વધારતાં તે, વધી જાય છે પૂર્ણ,
પછી એનો નવ છેડો આવે, સુખ કરે છે ચૂર્ણ;
સર્પણીએ નિશ્ચેરે, વિષએથી ખૂબ ઝરે. સીધા.

નિવૃત્તિને શાસ્ત્ર વખાણે, આપે અવિચલ ધામ,
પ્રવૃત્તિ એથી ઉલટી છે, પ્રદિપ્ત થાયે કામ;
ક્રોધ લોભ વ્યાપેરે, કયાંથી ભવસિંધુ તરે. સીધા.

શાસ્ત્ર કેરી ગુહ્યતા નવ, મૂઢ જનથી પરખાય,
કોલસાને દૂધમાં ઉકાળો, કાળાશ ન કંઇ જાય,
હશે કોઇ જ્ઞાનીરે, આનંદમાં ડૂબી ફરે. સીધા.

પદ ભેરવી.

લાગીરે પ્રભુ લગની લાગી.
મમતા નારીએ ખૂબ ભમાવ્યો, વિષયમાં મને પૂર્ણ ડોલાવ્યો.
હવે વૃત્તિ મમ જાગીરે. પ્રભુ.
અંધ બની નહીં દીઠી મેં જયોતિ, સંસારમાં સુખ જોયું મેં ગોતી.

દઉં સહુ વિભુ ત્યાગીરે. પ્રભુ.
માયાની શક્તિ આહા શી ન્યારી, ડોલ્યા મુનિઓ ગયા છે હારી,
પ્રેમ કટારી વાગીરે. પ્રભુ.
અસત્યને એ સત્ય બતાવે, તર્કતુરી પરનેટ ચઢાવે,
બનાવે છે પૂર રાગીરે. પ્રભુ.
સુર નરને એણે દીધા ચળાવી, લીઓ તમે મને પ્રીતે બચાવી,
લઉ વિભુ એ માગીરે. પ્રભુ.
મરૂ ભૂમિમાં મૃગજલ ભાસે, સાચું નહીં એતો ભ્રાન્તિ ગણાશે,
બન્યો હવે હું વિરાગીરે. પ્રભુ.
હવે ધારી છે પૂરણ શાન્તિ, છોડી રજ્જુમા સર્પની ભ્રાન્તિ,
તુજ પદનો અનુરાગીરે. પ્રભુ

પદ ધનાશ્રી.

અણુ નથી કોઇ ખાલી, પ્રભુ વિના અણુ નથી કોઇ ખાલી પ્રભુ
સૂર્યમાં ચન્દ્રમાં નક્ષત્રમાંહી, વ્યાપક છે વનમાળી પ્રભુ.
આકાશ વાયુ તેજને જલમાં, પૃથ્વીમા શક્તિ નિહાળી પ્રભુ.
પિંડાંડે ને બ્રહ્માંડે એ છે, જોતુ માયા નીજ ટાળી પ્રભુ.
સૂક્ષ્મથી સૂક્ષ્મને સ્થૂલથી સ્થૂલ છે, વશ કીધો છે કાલી પ્રભુ.
ઘટ ઘટ વ્યાપક આધ નિરંજન, જોતું વૃત્તિ નીજ ઝાલી પ્રભુ.

પદ

પ્રભુજી જાણો તમારો દાસ,
ફુલમાં ફલમાં વનમાં તનમાં, મનમાં તમારો વાસ પ્રભુજી.

માયા ઠગારી મને ઠગે છે, બતાવે ખોટી આશ પ્રભુજી.
અસત્યને એ સત્ય બતાવે, નાંખે છે નીજ પાશ પ્રભુજી
અહંતા માંહી એણે ડૂબાવ્યો, જોર બતાવે ખાસ પ્રભુજી.
તમવિણ તારે કોણ વિભુજી, રહું તમવિણ ઉદાસ પ્રભુજી
દર્શન આપો દેવ દયાળુ, પામું એથીજ ઉલ્લાસ પ્રભુજી
કૃપા તમારી થાય કૃપાળુ, પામું ન કોથી ત્રાસ પ્રભુજી
સૂર્ય વિજળીને અગ્નિ તારામા, દેખું તમારો પ્રકાશ પ્રભુજી.
આશ્રય છે પ્રભુ એક તમારો, આવો દોડી મુજ પાસ પ્રભુજી
અપરાધ કોટિ કીધાહે દેવા, કરો ન મુને નિરાશ પ્રભુજી.

પદ ભેરવી.

કૃપાનાથ આવોને ચાલી, કૃતિ ગતિ મતિ અતિ ન્યારી નિહાળી કૃપા
નિષ્કલ નિર્ગુણ નાથ નિરંજન,અક્ષર વંદું સાર,
ત્રિગુણાતીત માયાતીત દેવા, સેવા કરૂં નિરધાર,
દીનાનાથ લાગી છે તાલી. કૃપા

અચલ અદ્વૈત અખંડજ્ઞાતા, ત્રાતા પાલનહાર;
શ્રુતિ વખાણે મુનિયો ગાયે, ગુણ તમ વારંવાર,
જગતાત દુઃખો દો ટાળી. કૃપા.

દાસ તમારો ગાંડો ઘેલો, રાખો મુજપર પ્યાર,
સગુ નથી કોઈ મારૂં ધાતા, શાતા આપો દુઃખહાર,
ધરી ક્રોધ નાથ્યો છે કાળી. કૃપા.

હું અજ્ઞાની બાળ તમારો, તારો હે કીરતાર;
ભક્તિ શક્તિ આપો દયાળુ, પામું નહીં હું પાર,
ધરો હાથ નમું વનમાળી. કૃપા.

ભક્તતણી ભીડ ભાંગી ભાવે, ધાર્યા છે અવતાર;
તમે મારા છો એક વિભુજી, રાખો મારો ભાર,
કામ ક્રોધ રાખોને ખાળી. કૃપા.

અનંત એક છો અચ્યુત દાતા, કાપો કુ વિચાર;
સ્થાપો સુખ સિંધુ વિખ્યાતા, બુધ્ધિ દો અપાર,
લોભ મોહ નાંખોને બાળી. કૃપા.

૫૬.

પાસે રહ્યું છે તત્વહે ભાઈ, કેમ નહીં તેને જાણેરે;
કંઠે રહ્યા છે રૂડા મણિ પણ, મૂઢજન શોધે તેનેરે,
સદ્ વસ્તુ નહીં મનમાં ઠસતી, જ્ઞાન નથી કંઈ જેનેરે. પાસે.

સરોવરમાં નિત્ય રહે છે મંડૂક, પદ્મ સુગંધ ન લેતોરે,
આત્મા રહ્યા છે સર્વ સ્થળે પણ, મૂઢજન નાહીં ગ્રહેતોરે. પાસે.

અનાયાસે હીરો મળ્યો પણ, મૂર્ખ તેને ત્યાગેરે,
પથ્થર માની નિંદા કરતો, ગ્હાય ન તેને રાગેરે. પાસે.

માર્જારીના ઉદર માંહી, ક્ષીર કદી ન ઠરશેરે,
તત્વ વસ્તુની ટીકા કરીને, અજ્ઞાની તો ફરશેરે. પાસે.

ભાનુપ્રકાશ છે પ્રિય સર્વને, ઉલૂક એથી કંટાળેરે,
દેહને પ્રિય માનીને મૂર્ખો, આત્માને ન ભાળેરે. પાસે.
ચિત્રમાંના ઈન્દુને જેમ બાળક માને સાચોરે,
અતિ પ્રિય ગણે છે મૂઢો, દેહ અતિ આ કાચોરે. પાસે.
અભ્ર દોડે તેને મૂર્ખો, ચન્દ્ર દોડે માનેરે,
ઇન્દ્રિયોના ધર્મો અજ્ઞાની, આત્માના પીછાનેરે;
વેદોક્તિનું જ્ઞાન કદી નહીં, શ્વાન ઉરમાં રાખેરે,
જ્ઞાનામૃતને ધિક્કારીને, મૂર્ખો કદી નહીં ચાખેરે. પાસે.

૫૬

માયાનો પડદો પડયો છે વચમાં, લે તેને ઉપાડીરે
માયા કેરા જે જે ધર્મો, આત્માના શું કલ્પેરે,
અથડાયે તું શાને ભાઇ, મિથ્યા ચઢી સંકલ્પેરે. પાસે.
આત્માદૃષ્ટા જગત્ દૃશ્ય છે, આત્મા નિર્વિકારીરે;
જગત્ વિકારી એ બદલાયે, વિજ્ઞાનને લે ધારીરે. માયા.
ઉપાદાન કારણ ઘટનું છે, મૃત્તિકાલે જાણીરે;
ઉપાદાન કારણ વિશ્વનું, આત્મા લે પિછાણીરે. માયા.
ઓતપ્રોત વિશ્વ રહ્યું છે એમાં, તંતુમાં વસ્ત્ર પેઠેરે.
મિથ્યા કલ્પના ઉઠાવીને, શીદ પડે છે હેઠેરે. માયા.
સ્થૂલ દેહ તું નથી હે ભાઈ, એ છે મિથ્યા ભ્રાન્તિરે;
લિંગ શરીપણ તું છે નાહીં, ગ્રહી લેતું શાન્તિરે. માયા.

અવિદ્યાનો નાશ થવોએ, મોક્ષ કથ્યો વેદાન્તેરે;
સમાધિને સાધીલે તુ, બેસીને એકાન્તેરે. માયા.

સમાધિથી પરમ સુખ થાશે, જગત્ ડૂબી જાશેરે;
વાસના ક્ષયને મનો નાશથી, આનંદ અદ્ભુત થાશેરે. માયા.

પદ.

ગુરુએ ચેતાવ્યોરે, સમજણ આપી મુને ખરી,
અહંવૃત્તિ ત્યાગીરે, બ્રહ્માકાર વૃત્તિ ધરી. ગુરુ.

અભય પદ મળ્યું છે મુજને, ગયુ વાસના મૂલ,
સ્વાત્માનંદમાં મસ્ત બન્યો છું, ભાંગી ભારી ભૂલ.
મોટો મોહુટાળ્યોરે, ડૂબું નહીં હવે ફરી ગરુ.

કોની સ્ત્રી ને કોના પુત્રો, કલ્પિત આ સંસાર,
આકાશમાં નીલત્વ મિથ્યા, ચેત્યો હુ આવાર;
નિત્ય હું કૂટસ્થરે, મુજમાં ભેદ નથી જરી. ગુરુ

શુકિતમાં રજતની ભ્રાન્તિ, સાચી ન મનાય,
अहं ब्रह्मास्मि જ્ઞાનથતાં આ, વિશ્વ ઉડી જાય;
આપીશી પ્રસાદીરે, અનાદિ હું ગયો ઠરી. ગુરુ.

अस्तिभातिप्रिय રૂપથી, સત્તા મુજ જણાય,
કલ્પિત વસ્તુ અધિષ્ઠાનથી, ભિન્ન નહીંજ ગણાય,
પૂર્ણાનંદ વ્યાપ્યોરે, જાઉં નહીં હવે સરી. ગુરુ.

द्वितीयाद्वै भयं भवति કહે છે શ્રુતિમાત,
જ્ઞાનીને મન દિન ગણાયે, મૂર્ખને મન રાત;
દ્વૈત નાસી ચાલ્યું રે, હવે નહીં જાઉં ડરી. ગુરુ

દેશકાલ વસ્તુથી હું ન્યારો, મુજમાં સૌ કલ્પિત,
બ્રહ્માનંદ જાણ્યો છે જેણે, તેને ન ભય ખચિત,
ત્રિવિધ તાપ નાઠા રે, આહા! કેવી કૃપા કરી. ગુરુ.

ષડ્વિકાર મુજને ન ઘેરે, હુ છું નિરાકાર,
ત્રણ ભેદથી હુ ભિન્ન સદા છું હું છું નિર્વિકાર,
અખંડ જ્યોતિ જાગી રે, ગયો સિન્ધુ પૂર્ણ તરી. ગુરુ

સાક્ષ્ય નથી તો સાક્ષી શાનો, ભ્રાન્તિ એ નિરધાર,
દ્દશ્ય નહીં તો દ્દષ્ટા શાનો, શુ કહું વારંવાર,
અજ હું અનંત રે, મારી નાંખ્યો કામ કરિ. ગુરુ.

બંધન પ્રથમ મુજને નહોતું, મુક્ત થયો શો આજ,
અવિદ્યા તે ઉડી ગઇ છે, ધન્ય ગુરુ મહારાજ;
સાચું તત્ત્વ ભાસ્યું રે, શાન્તિ હવે મુને વરી. ગુરુ.

સમુદ્રથી જેમ ઉઠે તરંગો, ઉઠે આ વિશ્વસાર,
રહસ્ય જાણ્યું ગુરુ મેં તો, કરૂં છું નમસ્કાર,
ધન્ય ધન્ય ધન્ય રે, ખોટી માયા લીધી હરી. ગુરુ.

પદ.

સમજી જાઓ ભાઈરે, તોફાની જાણી માયા,
એનું જોર મોટુંરે, સુર નર મુનિ સપડાયા. સ.
હસ્તીસમ બળવંતા જેઓ, રાખતા ઝાઝા તોર,
બાથમાં ઘાલી મસળી નાંખ્યા, તોડી પાડયું જોર,
ચાલ્યું નહીં કાંઈરે, ડાહ્યા નરો ફસાયા. સ.
ચેતન તત્ત્વને ઢાંકી નાંખ્યું, મિથ્યા છતાં બળવંત;
સંત પુરૂષો કબજે કીધા, જુઓ રાખી ખંત,
જ્ઞાની માની ધ્યાનીરે, સપાટામાં જકડાયા. સ.
એક તત્ત્વને અનેક બતાવી, પટકયા મોટા શૂર;
ઘડી ઘડીમાં ભાન ભૂલાવે, બની ઝાઝી ક્રૂર,
ઈદ્રિ જાલ રચેરે, નારદ જેવા લલચાયા. સ,
વિશ્વામિત્ર પરાશર શૃંગી, શીતાંશુ ઈન્દ્ર દેવ;
દૈત્ય દાનવને માનવ સર્વે, ઝાલ્યા અવશ્યમેવ,
કળાતી ન શક્તિરે, છતી આંખે અથડાયા. સ.
ત્રિકાલે આ વિશ્વ નથી પણ, બતાવે છે એહ;
સ્નેહ તજીદો શું ભમો છો, કલ્પિત જાણો દેહ,
મસ્તાની છે ઝાઝીરે, એથી શાને દબાયા. સ.
ત્રિલોકને વશ કરી પલકમાં. વગાડયો ડંકો સાર,
નાર છતાં અજીત ગણાઈ, શું કહું હું આ વાર,
મોટા બ્રહ્મચારીરે, એના મારે પછડાયા. સ.

પદ.

ચટકી લાગી મુને જ્ઞાનની, અવર નહીં હવે ભાવેરે;
અમૃતનો સ્વાદ જેણે લીધો, તે વિષથી શું રાચેરે,
ચિંતામણિને દીઠો જેણે, તે શું નાચે કાચેરે. ચટકી.

પદ્મતણો ભોગી જે ભ્રમર, દુર્ગંધને ધિક્કારેરે;
કોટિ ઉપવાસ થાય પરંતુ, કેસરી ખડ નધારેરે. ચટકી.

મૌક્તિકના ભોગી છે હંસો, મત્સ્ય થકી કંટાળેરે,
રત્ન આવ્યું છે જેના હાથમાં, તે કોડી નવ ભાળેરે. ચટકી.

ગંગા મૂકીને શું કોઇ, કૂપે ન્હાવા જાયેરે,
શુષ્ક ઉપવન દેખીને શું, પતત્રિ હરખાયેરે. ચટકી.

કલ્પતરૂ મૂકીને કો શું, અવર વૃક્ષો ચ્હાયેરે,
આમ્રફલ મૂકીને કો શું, કટુ ફળોને ખાયેરે. ચટકી.

બ્રહ્માનંદમાં મસ્ત બન્યો હું,સદા એનો હું પ્યાસીરે,
આત્માશંકર સાચો જાણું, આ તન જાણું કાશીરે. ચટકી.

પદ.

અજબ ધૂતારી ભાઇ છે લક્ષ્મી, એથી શું અકડાયેરે,
પ્રીત એની શું બાંધે નકામી, આમતું શાને ભૂલેરે;
ચંચલતા એની દીસે ઘણેરી, મિથ્યા શાને તું ફૂલેરે. આ.

સત્ માર્ગથી તોડી પાડીને, નરકમાં એ નાંખેરે,
પૂજા કરે શીદ એની નકામી, શરમતારી નહીં રાખેરે. અ.
ચાલી જશે તુજ પ્રેમને છોડી, મારી મારી શું ભાખેરે,
ભ્રમરી પેઠે એ રહે ભટકતી, અન્ય અન્ય રસ ચાખેરે. અ.
ગયો શાને તું અંજાઈ ભાઇ, પ્રભુને તેં વિસાર્યોરે;
સાર નથી એમાં ચેતીલે આંહી, જીતી બાજી સહુ હાર્યોરે. અ.
દાસ બન્યો છે એનો પરંતુ, અંતે સાથે નહીં આવેરે,
તારા ગુણો સહુ ભૂલી એ જાશે, વ્યર્થ શું કાલ ગુમાવેરે. અ.
માંધાતાને નહુષ છોડયા, કયાં ગયું ભાન તારૂંરે;
વિદ્યુત જેવી એને લે જાણી, ભેટે બહુ શા સારૂરે. અ.
મોટી ઠગારી કંઈક ભૂલાવ્યા, સંત જનો ડોલાવ્યારે;
ખસી જા આઘો હિત વિચારી, એણે કંઇક નચાવ્યારે. અ
ચરણ તળે કંઇક એણે દબાવ્યા, મોટા મોટાને હરાવ્યારે;
ચપલ નખરાં એણે કરીને, અનેક જનો ફસાવ્યારે. અ.
એની શકિત શું કથું હું આંહી, હાય હાય એ કરાવેરે;
હસાવે દબાવે રડાવે ભાઈ, ફસાવે પૂર્ણ નચાવેરે. અ.
માન એને શું આપે છે ઝાઝું, હરિ શાને તેં મૂકયોરે,
ગાન કરે શું ભાન ભૂલીને. અહો મૂર્ખ તું ચૂકયોરે. અ.
ઈન્દ્રજાળની પેઠે ભૂલાવે, પાય શાને તું લાગેરે;
કોણ તું તે જરા જોની વિચારી, વહ્યો શાને આમ રાગેરે. અ.
લપડાક મારી એને ઉડાવી, ભજી લે સારંગપાણિરે;
જીવ ભાવ તું શાને ધરે છે શુધ્ધ બ્રહ્મ લે જાણીરે. અ.

પદ. પ્રેમની પીડા એ રાહ.

લક્ષ્મીથી શું તું ફુલાયે, અહો ભાઈ લક્ષ્મીથી શું તું ફુલાયે.
અમૃત છોડી વિષ પીએ છે, શાને તું વેગથી ધાયે. અહો.
સિંહને છોડી શું શૃગાલ વખાણે, મૂર્ખતા તારી જણાયે. અહો.
આમ્રતરૂ છોડી કંટક ચ્હાયે, અલ્પજ્ઞતા એ મનાયે. અહો.
ગંગા છોડીને મૂઢતા રાખી, કૂપમાં શાને ન્હાયે. અહો.
ભાનુ છોડીને ખદ્યોત વખાણે, આમ તું શાને દબાયે. અહો.
ચન્દ્ર મૂકીને ઉડુગણ ચ્હાયે, એથી શું મન હરખાયે. અહો.
ચંદન છોડી બાવળ વખાણે, મૂઢ તું એથી ગણાયે. અહો.
તત્ત્વ વસ્તુ તે પાસે રહે છે, ભૂલે તું જો કંઈ આંયે. અહો.
મનુષ્ય જન્મ દુર્લભ માની, ભજી લે તું જગરાયે. અહો.
કંઇક ગયા કંઇક ચાલ્યા જાય છે, વિચાર ન આવે જરાયે. અહો.
તૂટી જશે તુજ આયુષદોરી, મોહફલ શાને તું ખાયે. અહો.
લઘુતા છોડી મિથ્યા હે ભાઈ, ધાર તું શાન્તિ ઉરમાંયે અહો.
આશા તારી સહુ જાણ નકામી, અસત્‌થી શું તું ચંપાયે. અહો.

પદ પ્રાણીઆ ભજી લેને કિરતાર—એ રાહ.

જીવ તું ભજી લે વિશ્વાધાર, આ જગ મૃગજલવત્ નિરધાર;
કાલ પાશ લઇને પકડી જાશે, ખાશે ઝાઝો માર,
કોઈ બેલી નહીં થાશે તારો, મારો બોલ સ્વીકાર. જીવ.
તૃષ્ણામાં ડૂબીને શાને, સમજે નહીં લગાર,
મોહ મદિરા પીને શાને, મસ્ત બને અપાર. જીવ.
વાડી ગાડીને લાડી છોડી, જાશે યમને દ્વાર,

ધગધગતા સળીઆથી તુને, પીડશે કાંઈ વિચાર. જીવ.
છાતી કાઢી શું ચાલે છે, રાખે શું અહંકાર,
રાવણુ બાણુને બલિ ગયા તો, તારો શો છે ભાર. જીવ.
રૂધિર માંસથી શું રાચે છે, નાચે શું ગમાર,
કફ પિત્તથી ભરપૂર શરીર આ, ધરે શું મિથ્યા પ્યાર. જીવ.
કોઠી ગંદી નરક ભરેલી, ભેટે શું વારંવાર,
ચામડીને ઉતરડી જોતું, હિત તારૂં તું ધાર. જીવ.
નવદ્વારમાં શી સુંદરતા છે, પ્રિય ગણે શું નાર,
પ્રકાશ મૂકીને શાને મૂર્ખા, ઇચ્છે. છે અંધકાર. જીવ.
સંપત્તિ વિપત્તિ માંહી, નાંખે છે અવિધાર,
વિદ્યુત જેવી જાણી ચંચલ, લપડાક એને માર. જીવ.
સંગી નથી તારૂં કોઇ, મોહ મૂઢ ઉતાર,
જેટલો પ્રેમ વધુ બાંધે છે, તેટલું દુઃખ ખમનાર. જીવ.
અસાર વસ્તુને શું વળગે, ધારે શું વિકાર,
આયુષ પલપલ ઘટે છે તારૂં, કાંઈ હવે સુધાર. જીવ.
ડંકો કાળનો વાગે નિત્યે, ચેત ચેત આવાર,
સત્ માર્ગથી ખસી ગયો શું, નથી કાંઇ આધાર. જીવ.
કંઈક બ્રહ્માને ઇન્દ્ર ગયા છે, ચઢયો લોભ તોખાર,
ચન્દ્ર સૂર્ય કંઈ બદલાયા છે, મિથ્યા છે સંસાર. જીવ.
ગબડી પડશે પસ્તાશે તું, ખાશે ઝાઝી હાર,
વિષય ગુલામ બનીને શાને, ભૂલે પાલનહાર. જીવ.

પદ. જંજાળી જીવડા એ રાહ.

અહો હે ભાઈ, ભવમાં સુખ ન ભાસે;
સ્થાણુમાં ભાળી, ચોર તું આમ શું ત્રાસે.—અહો
કુરંગ પતંગને ભૃંગતો, મીન વળી માતંગ;
પૂરેપૂરાં સપડાય છે, રાખે વિષય પ્રસંગ.
મૃગજલથી તે તારી, તૃષા કદી નવ જાશે—અહો.
ભિન્ન કદી મનાયના, સૂર્ય થકી પ્રકાશ;
અભિન્ન છે ભાઇ સર્વદા, મરીથી તીખાશ.
શીતલતા જૂદી, ઈન્દુથી નાહીં મનાશે—અહો.
જીવ ઈશ આ વિશ્વને, જાણી લે કલ્પિત,
રજત દેખાયે શુક્તિમાં, ભ્રાન્તિ છે ખચિત.
સ્વપ્નનું નગર, સાચું તે નાહીં ગણાશે—અહો
સત્ચિત્ આનંદ બ્રહ્મ છે, વિશ્વ ક્યાં આવ્યું ત્યાંય;
તત્ત્વમસિ મહા વાક્યથી, ભ્રાન્તિ ઉડી જાય.
સિંધુથી ઉઠી, તરંગો નેટ સમાશે—અહો.

પદ. કંથ વિના રહી એકલી એ રાહ.

ભક્ત તે તેહ મનાય, બંધુઓ ભક્ત તે તેહ મનાય,
સંપત્તિથી નવ મુદિત થાયે, વિપત્તિથી ન મુઝાય;
અપમાન માનને ગણે ન કાંઇ, ડૂબે ન મોહની માંય. બંધુઓ.
હર્ષ શોકને ઉખેડી નાંખી, ભજે પ્રીતે જગરાય;
પ્રીથી રહે છે છેટો સર્વદા, પ્રિય ગણે નહીં કાય. બંધુઓ.

ઘડીમાં કૂદે ઘડીમાં દોડે, ઘડી મહીં હરખાય;
ખાય નહીં કદી છક્કડ કામથી, વિશ્વમાં નાહીં લોભાય. બંધુઓ.
રડે ઘડીમાં, નાચે ઘડીમાં, માયામાં ના સપડાય;
કીર્તિનો ભૂખ્યો રહે નહિ કદી, કરે નહીં હાયહાય. બંધુઓ.
દંભ ધરે નહીં કદી નકામો, મદથી ના છલકાય;
આત્મશ્લાઘા નહીં કરે કદાપિ, રાગથી ના પટકાય. બંધુઓ.
બ્રહ્મચર્યવ્રત પાળે પ્રીતિથી, તૃષ્ણાને ન કદી ચ્હાય;
લગની લાગી રહી એક વિભુમાં, અવર મુખે નહીં ગાય. બંધુઓ.
પાષાણ કાંચન સમ ગણે છે, કદી ન ઉર મુઝાય;
દેહ તણું જરી માન ન રાખે, કદી નહીં અકડાય. બંધુઓ.
જ્યાં જ્યાં જાયે મન પ્રભુને દેખે, મિથ્યા ન તે અથડાય,
પર્વત તૂટી, પડે કદાપિ, જરી નહીં ગભરાય. બંધુઓ.
અખંડ ધારા વૃત્તિની રાખે, પ્રેમ વારિથી ન્હાય,
સુખ દુઃખ મનના ધર્મો ગણીને, કરે છે તેને વિદાય. બંધુઓ.
અહંતા મમતા માંહી ડૂબે નહીં, જાણે સચોટ ઉપાય,
શિબિકામાં કદી એને બેસાડો, મુદિત ન ઉર થાય. બંધુઓ.
બેસાડો એને ગર્દભ ઉપર, ગ્લાનિ ન પામે જરાય,
મસ્ત બને છે ધ્યાનમાં ઝાઝો, કદી ન એહ દબાય. બંધુઓ.
પંચ વિષયને ઉખેડી નાંખી, કદી નહીં લપટાય;
નીજાનંદમાં સદા રહે છે, મિથ્યા નહીં મલકાય. બંધુઓ.
નશ્વર દેહને મારો કદાપિ, ક્રોધથી ના પકડાય;
ભક્તિના રસને પ્રીતિ આણીને, પીએ અને વળી પાય. બંધુઓ.

પદ. જાઓ જાઓ અવગુણ મુખ શું ભાખો એ રાહ.

હરિ શીદ રીસાઓ મુજથી, તમ વિણ કયાં ઠરૂંરે;
જેવો તેવો દાસ તમારો, શ્રી વિભુ મુને કેમ વિસારો.
ઠગારીએ ઠગ્યો હતો, શું કરૂંરે—હરિ.
અલબેલા મોહન છોગાળા, ગુંથું છું તમ ગુણની માળા;
ભરે પક્ષી સિંધુથી ચંચુ, તેમ ભરૂંરે—હરિ.
ચોરોએ ધન લૂંટી લીધું, હૃદય ખાખાવીખી કીધું;
અકળાઉં હું નાથ નિરંજન, દુઃખ ધરૂંરે—હરિ.
પિતા પુત્રને લાડ લડાવે, તેના દોષો એહ છૂપાવે;
ક્ષમા આપો મુને જગત્રાતા, કરગરૂંરે—હરિ.
પ્રથમ માન્યું મેં સર્વે સાચું; હવે કદી ન કોથી રાચું;
વાંચું ગ્રંથોતમ ગુણના બહુ, નહીં ડરૂંરે—હરિ.
વેદ પુરાણ સ્મૃતિ વખાણે, કોઈ વીરલો એ રસને જાણે;
ભવાબ્ધિમાં ભટકે મૂર્ખો, કહું ખરૂંરે—હરિ.
મદ માંહી ગયો તો છાકી, રાખ્યું નથી મેં તો કાંઇ બાકી;
થાકી ગયો ભોગ ભોગવી, થરથરૂંરે—હરિ.
હવે પ્રભુ નથી રહેવાતું, ભેટાડો મન આ ઉછળી જાતું;
તમ કૃપા વિણ કયાંથી દેવા, હું તરૂંરે—હરિ.

પદ ધીરાનું.

સાધુ તે કહેવાયેરે, જેને માયા નથી જરી,
જ્ઞાની તે ગણાયેરે, પરમાનંદે રહે ઠરી;

શુદ્ધ વાસના જેની લાગી, બ્રહ્મ મહીં અત્યંત,
રાગ દ્વેષ ન જેને કાંઇ, છે જ્ઞાની એ સંત.
જીવનમુક્ત એહુરે, જાય સૃષ્ટિ સહુજે તરી—સાધુ.
આત્મબોધ છે અંતર માંહી, નહીં કોથી લેપાય,
કર્મ કરે પણ ફલની ઇચ્છા, ધારે નહીં જરાય;
ક્રોધ નહીં ધારેરે, અવિદ્યાને તે કરે પરી.—સાધુ
સાંસારિક સુખથી રહે છે, નિશ્ચે ઉદાસિન,
બ્રહ્મ કેરા વિચાર માંહી, રહે છે અનુદિન;
સમદૃષ્ટિ રાખેરે, જ્ઞાનામૃત લીએ ભરી.—સાધુ
ભય પામે નહિ કો વસ્તુથી, રાજી રહે સદાય,
લોષ્ઠ કાંચન સમ ગણે છે, ભેદ નહીં ઉર માંય;
વૃત્તિ શાંત એનીરે, રાખે એહ બુદ્ધિ ખરી.—સાધુ
વાદ મહીં ન ઉતરે કો દીન, ચિત્તજીતે છે સાર
નીજ ઇચ્છા મુજબ નચાવે, બાંધી લે અપાર;
નહીં લાભ ટોટોરે, લીએ ધ્યાન પ્રીતે ધરી—સાધુ.
સંસાર માંહી નિત્ય ફરે છે, તદપિ નવ ગુંથાય,
જે મળે તેમાં બહુ રાજી, શોક કદી નહીં થાય;
રહે મસ્ત નિત્યેરે, વૃત્તિ નીજ સ્થિર કરી.—સાધુ.

પદ.

આવો ચેલા પાસેરે, સાર સાચો સમજાવું;
ત્રિવિધ જે તાપરે, તેને પૂર્ણ દમાવું. આવો.

બીજમાં વૃક્ષ છે વૃક્ષમાં પાછું, બીજ રહ્યું નિરધાર,
શુભ જ્ઞાનની કુંચી આપું, ટાળું મોહ આવાર;
કામશત્રુ મોટોરે, ખોટો તેને અટકાવું. આવો.
મૃત્તિકાથી ઘટ ઉપજે છે, પુનઃ તેમાં સમાય,
જ્યાંથી ઉપજ્યું ત્યાં એ જાયે, માનો સાચું આંય;
ભ્રાંતિ મોટી ભાંગુંરે, જ્ઞાન કરિ પર ચઢાવું. આવો.
નામ રૂપની રચના ખોટી, એથી શું હરખાઓ,
કુંડળ કનકથી ભિન્ન કદી નહીં, મિથ્યા શુ ફુલાઓ;
જુઓ વિચારીરે, ટાણું નહીં આવે આવું. આવો.
ઓત પ્રોત સૂત્ર વસ્ત્ર માંહી, ભિન્નતા ખોટી સાર,
રજ્જુ સર્પ ન થશે કદાપિ, અસત્ય છે સંસાર;
શ્રદ્ધા રાખો ભાઇરે, મારૂં તારૂં મૂકાવું. આવો.
આદિ અંતમાં વસ્તુ નહીં તે, મધ્યમાં ન મનાય,
મૃગજલમાં જલની ભ્રાંતિ તે, સાચી કદી ન થાય;
માયા પટ ખેંચુંરે, રાગ દ્વેષ સમાવું. આવો.
ભાનુથી કિરણ ફેલાયે, પુનઃ તેમાં જાય,
શુક્તિથી ઉઠી રજત ભ્રાંતિ, પુનઃ તેમાં સમાય;
ચેતો સમય આવ્યોરે, નહીંતર પડશે પસ્તાવું.—આવો.
સત્ વસ્તુ છે એક સદાયે, અનેક કદી નહીં થાય,
સિંધુ તરંગો સિંધુથી તે, ભિન્ન નહીંજ ગણાય;
દ્વૈત દૃષ્ટિ ટાળુંરે, પૂર્ણાનંદ જમાવું.—આવો.

પદ.

જ્યાં પદ્મ હોય ત્યાં મધુકર જાયે,
જ્યાં ઝાડી હોય ત્યાં વ્યાઘ્ર ભરાયે
જ્યાં વારિ હોય ત્યાં મીન રમે છે,
જ્યાં બાગ હોય ત્યાં પક્ષી ભમે છે.
જ્યાં હોય ગર્થ ત્યાં સહુ જન ધાયે—જ્યા
જ્યાં હોય સર ત્યાં હંસ વસે છે,
જ્યાં ગુણ હોય ત્યાં કીર્તિ હસે છે.
જ્યાં પ્રેમ હોય ત્યાં મૈત્રી બંધાયે—જ્યા
જ્યા રાત્રિ હોય ત્યાં ચન્દ્ર જણાયે,
જ્યાં યજ્ઞ હોય ત્યાં દ્વિજ દેખાયે
જ્યાં લગ્ન હોય ત્યાં ગીત ગવાયે—જ્યાં
જ્યાં હોય સિંધુ ત્યાં મકર રહે છે,
જ્યાં હોય પ્હાડ ત્યા ઝરણ વહે છે
જ્યાં હોય ભક્ષ ત્યાં સિંહ છૂપાયે—જ્યા
જ્યાં હર્ષ હોય ત્યા સુખ મનાયે.
જ્યાં શાળા હોય ત્યાં નેટ ભણાયે.
જ્યાં સાધુ હોય ત્યાં ગુણીજન જાયે—જ્યાં

ભુજંગ પ્રયાત.

નથી લિંગ ગુદા નહીં પાદ પાણિ
નહીં માનતો મૂજને ભાઈ વાણી

નહીં ઘ્રાણુને શ્રોત્ર અક્ષિ વિકારી
ચિદાનંદ હું શિવ છું સુખકારી
ત્વચા હું નહીંને નહીં જીભ સાર
નહીં વ્યોમને ભૂમિ હું નીરધાર
નહીં તેજ વાયુ નથી ભાઇ વારી
ચિદાનંદ હું શીવ છું સુખકારી.
નથી ધાતુને હું નથી નેટ પ્રાણુ
નહીં અગ્નિ હું જાણુજે સત્યવાણુ
નહીં માસને અસ્થિ હુ દુંખકારી
ચિદાનંદ હુ શિવ છુ સુખકારી.
નહીં કામને ક્રોધ ના લોભ ભાઈ
અહંકારના ચિત્ત બુદ્ધિ ન કાઇ
નહીં મોહના જાઉં હું લેશ હારી
ચિદાનંદ હું શિવ છું સુખકારી.
નથી રાગને દ્વેષ ના પુણ્ય પાપ
નથી ભાનુને ઈંદુ શક્તિ અમાપ
નથી ભાઈ હું શક્તુ લેની ધારી
ચિદાનંદ હું શિવ છું સુખકારી
નથી સ્વર્ગને મોક્ષ હું નિર્વિકારી
નથી દેહ હું કોઇના મર્દ નારી
નહીં પુત્રને હું નહીં પુત્રિ પ્યારી

ચિદાનંદ હું શિવ છું સુખકારી.
નથી તાતને માત હું નાહીં બંધુ
નથી હું નદીને નથી ભાઇ સિંધુ
નથી હું ગુરૂ શિષ્ય લેજે વિચારી
ચિદાનંદ હું શિવ છું સુખકારી
નથી શીતને ઉષ્ણુ હું જાણુ સત્ય
નથી સુખને દુઃખ હું ન્યારીગત્ય
નથી કોશ હું કોઈ લેજે સ્વીકારી
ચિદાનંદ હું શિવ છું સુખકારી
પુરાણો અને સત્ય હું નિત્ય જાણુ
પહોંચી શકે નાહીં બુદ્ધિજ વાણુ
હઠે ચક્ષુને મંનના શકિત ચાલે
ગતિ મારી વિના નહીં કોઈ હાલે
નથી સૃષ્ટિ આ ભૂજથી કાંઈ ન્યારી
રહ્યા ઓતને પ્રોત હું ખૂબિ સારી
નથી શુકિતમાં રૂપું એટાળ ભ્રાન્તિ
નથી રજજુમાં સર્પ તું લાવ શાન્તિ
તરંગો નથી સિન્ધુથી ભિન્નભાઈ
નહીં છેદતાં શસ્ત્ર મોટી નવાઈ
ગુહામાં રહ્યા નિત્ય હુંતો બિરાજી
જુએ ના મુને છે ભમે મૂર્ખપાજી

ખરે સત્યને ચિત્ આનંદ રૂપ
નિરાકાર નિર્ગુણ છું હું અનૂપ
સહુ કલ્પનાથી મને જાણ દૂર
નિરાલંબને મુક્ત હું છું જરૂર
નથી તંતુથી વસ્ત્ર તો ભાઈ ન્યારૂં
નથી મૃત્તિકાથી ઘડો ભિન્ન વારૂ
નિરાભાસને હું સદા છું અસંગ
નહીં શકિત કોઇ કરે મૂજ ભંગ
અહું બ્રહ્મ છું સાક્ષી ભાઇ સદાયે
ખરે શુધ્ધ ને બુધ્ધ તું માન આયે
નહીં વાયુ શોષે નહીં અગ્નિ બાળે
અખંડિત ના મૂજને કોઈ ખાળે

૫૬.

બ્રહ્માનંદને ચાખોભાઇ, શાને જાઓછો આમ અથડાઈ બ્રહ્માનંદ
સૃષ્ટિનો આનંદ જાય સમાઈ, સ્વર્ગનો આનંદ નથીજ કાંઈ;
શાશ્વત સુખ છે વદું શું આંહી. બ્રહ્માનંદ.
શાને જાઓ છો મિથ્યા ફસાઇ અનુભવથી જુઓ જાશો હસાઇ;
પીઓ પીઓ જન સર્વે ધાઈ. બ્રહ્માનંદ.
ક્ષુલ્લક ચીજથી શું હરખાઓ, ફરી ફરી શું દુઃખીઆથાઓ;
કોઈ સાધુએ જાણે દવાઈ. બ્રહ્માનંદ.
દ્વૈતની દૃષ્ટિ એથી ટળે છે. અનુપમ પદતે એથી મળે છે;
અની ઝવેરી હીરો લો સાહી. બ્રહ્માનંદ.

છપ્પા.

જીવન્મુક્ત ગણાય, પ્રિય ગણે નહીં સૃષ્ટિ;
જીવન્મુક્ત ગણાય, રાખે સદા સુદૃષ્ટિ.
જીવન્મુક્ત ગણાય, કરે પીયૂષની વૃષ્ટિ;
જીવન્મુક્ત ગણાય, કદી બને નહીં કષ્ટિ.
આકાશ પેઠે નિર્મલરે', રાગદ્વેષ રાખે ન જરી;
નિર્ભય થઇ વિચરે સર્વદા, કોઇથી જાયે ના ડરી.
જીવન્મુક્ત ગણાય, ધરે છે જ્ઞાનમાં મસ્તી,
જીવન્મુક્ત ગણાય, ગણે સમ ગૌ શ્વાન હુસ્તી.
જીવન્મુક્ત ગણાય, અહંકાર મનથી છોડે,
જીવન્મુક્ત ગણાય, વૃત્તિ બ્રહ્મમાં જોડે.
ચિદાનંદ ભાસે સહુ સ્થલે, જગત્ વિસ્મૃતિ થાય છે,
દેહ બુદ્ધિ ઉડી જાય છે, બ્રહ્માનંદમાં ધાય છે.
જીવન્મુક્ત ગણાય, સુખ દુઃખથી નહીં રાચે,
જીવન્મુક્ત ગણાય, અખંડાનંદથી નાચે.
જીવન્મુક્ત ગણાય, ભેદ દૃષ્ટિ જે ટાળે;
જીવન્મુક્ત ગણાય, બ્રહ્મ વિણુ અન્ય ન ભાળે.
હર્ષ વિષાદ રાખે નહીં, આનંદિત દેખાય છે;
માન અપમાન ગણે નહીં, વેગે ચાલ્યો જાય છે.
હોય જાગ્રતમાં એ, સુષુપ્તિ જેવી સ્થિતિ,
ઉડી વાસના સર્વ, ધરે ના ખોટી પ્રીતિ.

કરે નહીં ધિક્કાર, નીજ સ્વરૂપે મહાલે;
મારે વાણી બાણુ, મનમાં હસીને ચાલે.
કમલ પત્ર પેઠે અલગરે', તિતિક્ષા ધારે ખરે;
ક્રોધથી નહીં સપડાય એ, અન્ય અન્ય રીતે ફરે.
રાખે નહીં અધ્યાસ, ધ્યેયાકાર વૃત્તિ રાખે;
નથી શત્રુ ને મિત્ર, ચિત્ત મોહમા ન નાંખે.
કરે કદી વ્યવહાર, બ્રહ્મથી લક્ષ ન ત્યાગે,
ગણે ન લાભ અલાભ, ઘેરાય નહીં એ રાગે
ઇચ્છા માત્ર છોડી દીએ, આત્મામાં રહે સ્થિતરે;
શીત આતપને ગણે નહીં, શક્તિ એની અમિતરે.
કરે અનુસંધાન, નીજ આત્માનુ પ્રીતે;
ઉડાવી દે અજ્ઞાન, રહે સદા શુભ રીતે.
ધારે ન કોથી સ્નેહ, ગૃહ ઉપર નહીં પ્રીતિ,
પડે કદી બ્રહ્માંડ, ધરે ન કિંચિત્ ભીતિ.
પ્રિય અપ્રિયને પામતાં, એક સરખું મન રાખતો;
સ્તુતિ નિંદા ના કદી કરે, બ્રહ્મામૃતને ચાખતો.

પદ દેખા નહિ કુછુ સાર એ રાહ.

થશે તારી કટકી સમજ કાંઈ થશે તારી કટકી,
માયા માંહી શીદ ફરે છે, જા હવે અટકી. (૨)
કાલ મલ્લ ઘૂમે છે પાપી, દેશે તુને પટકી,
જો બચવું હોય એના હાથથી, લગાડ જ્ઞાન ચટકી. સમજ.

આશા મનમાં ખોટી રાખે, જાશે કયાં સટકી,
કોઇ તુને નહીં ઉગારે અંતે, રહેશે પૂરો લટકી (૨) સમજ
જમ દૂતોનું જોર છે મોટું, જાશે કયાં છટકી,
લક્ષ ચોરાશીમાં પડશે તું, થશે દુઃખી ભટકી (૨) સમજ
જમપુરીમાં પીડા થશે બહુ, જાશે ચિન્ત ફટકી,
અંધ બન્યો શું નાર પ્રેમમાં, ધરી મોહ મટકી. (૨)સમજ

૫૬

તમ શરણુ આવ્યો હે ગુરુજી, મુને તારજો
ચરણામૃત ચાખું સદા, પ્રભુ ઉગારજો-તમ
ભાનુ વિના અંધકાર, કોણ ટાળશે
જ્ઞાની વિના ત્રિવિધ દુઃખ, કોણ બાળશે-તમ
સિન્ધુ વિના સરિતાને, કોણ સમાવશે
ચન્દ્ર વિના કુમુદિની, કોણ ખીલાવશે-તમ
માયાએ ઘેર્યો છે મુને, તેહ કાપજો
અમલવાણી આપી શુદ્ધ, પ્રેમ સ્થાપજો-તમ
કામ શત્રુ પીડે મુને, તેને મારજો
વિકાર સર્વે ટાળી દીઓ, વિનતિ ધારજો-મ
ગૂઢ જ્ઞાન આપી ગુરુ, મુને બચાવજો
અવગુણ મારા છે ઘણેરા, સૌ વિસારજો-તમ
ચેત્ત મારૂં આપ પાદ, માંહી રાખજો
...ી ભૂલાવો ખાઉં ત્રાતા, તેહ સાંખજો-તમ
...ટ્ સંપત્તિ સ્થાપો દેવા, વિવેક આપજો
...ન્તે માગું શ્રી ગુરૂજી, ભક્તિ વ્યાપજો-તમ

પદ કુરના ફકીરી એ રાહ.

દુઃખ ધરે ભાઈ શીદ નકામું, ધાર્યું ધણીનું થાશેરે.
ચિંતામાં શાને ડૂબી મરે છે, સૃષ્ટિમાં સુખ ન ભાસેરે–દુઃખ
કાલા વાલા શીદ મિથ્યા કરે છે, કર્મથી કેમ છૂટાશેરે–દુઃખ
ભકિત ભૂધરની કરીલે ભાવે, કાલ વાઘ નહિતર ખાશેરે–દુઃખ
રામ નામ છે સાચું રસાયન, હુર્ષથી પૂર્ણ ભરાશેરે–દુઃખ
અંત કાળે સગું થશે ન કોઈ, પાછળથી પસ્તાશેરે–દુઃખ
હાથે ચઢેલું રત્ન ગુમાવે, મૂરખ તું અથડાશેરે–દુઃખ
તૃષ્ણા કેરો છેડો નથી કદાપિ, ચેત ચેત મુઝાશેરે–દુઃખ
સદ્‌ગુરૂ પાસે જ્ઞાન ધરી લે, નહિતર પૂર્ણ ડૂબાશેરે–દુઃખ
લોકવાસના છોડી દે ભાઇ, પૂરેપૂરો અકળાશેરે–દુઃખ
રહસ્ય સાચું જાણી લે આંહી, પુનઃ નાહીં પીડાશેરે–દુખ
કલ્પના ખોટી નિત્ય ઉઠાવે, ગ્લાનિતરૂન કપાશેરે–દુઃખ
જ્ઞાન વિના નહિ તારાથી બંધુ, સંસારથી નિકળાશેરે–દુઃખ

પદ. નાથ કૈસે ગજકો બંધ એ રાહ.

અરે ભાઇ મસ્ત થઇ શું ફરે છે, ખોટી ખુશી તું શાને
ધરે છે–અરે ભાઇ
માયાએ તારૂં ભાન ભૂલાવ્યું, મારૂં મારૂં શું કરે છે.
કાલ ધૂતારો ઉભો પછાડી, વિકરાળ જાળ કરે છે–અરે
નાચે કૂદે શીદ મગ્ન બને તું મિથ્યા આનંદ ભરે છે.
નિવૃત્તિ ને કેમ વિસારી મૂકી, પ્રવૃત્તિને શું વરે છે–અરે

સાગર મૂકી શાને હે ભાઇ, ખાડામાં જઇને ઠરે છે.
જ્ઞાનનો બાગ શું છોડી તેં દીધો, અજ્ઞાન વને ચરે છે–અરે
માંસનું પૂતળું શણગારે શાને, મોહમાં પૂર્ણ સરે છે.
વિકારમાં શીદ કૂદી પડે છે, પતંગ પેઠે મરે છે–અરે
ગાડી લાડી વાડી સત્તાને લક્ષ્મી, ફાંસીએ મોટી ખરે છે.
અક્ષિ ઉઘાડી નિહાળ કાંઇ, આયુષકાળ હરે છે–અરે

૫૬

જુઓ ભાઈઓ ધ્યાન રાખીને માયાનો તમાસોરે
મનમોહક નખરાંથી એણે બ્રહ્માંડને કંપાવ્યુ રે
અજીત ડંકો એણે વગાડયો, કોઇનું ન કંઈ ફાવ્યુંરે–જુઓ
ઠમ ઠમ ઠમ ઠમ નૃત્ય કરીને, કંઈ જનો લોભાવ્યારે
કંઈ યોદ્ધાઓ ભૂમિ પછાડયા, એણે કંઇક ફસાવ્યારે–જુઓ
ઈન્દ્ર ચન્દ્રને ધનદ અગ્નિ, બ્રહ્માને ભૂલાવ્યારે
લપડાક મારી તાબે કીધા સહુ, મુનિવર ડોલાવ્યારે–જુઓ
નીજ જાળમાં બાંધી લઇને, મર્કટ પેઠે નચાવ્યારે
હર્ષ શોકમાં ડૂબાવી દઇને, ભલા ભલા કંપાવ્યારે–જુઓ
અંગ મરોડ બતાવી એણે, ધીર પુરૂષ મુઝાવ્યારે
ચંચલતા પૂરી એણે બતાવી, વીરપુરૂષ લપટાવ્યારે–જુઓ
માયા એવી છે બળિષ્ટ ઝાઝી, જીતી તર્યો ભવ ભાઇરે
શુક સરખા કોઈ જ્ઞાની હોયે, કરે છે શુભ કમાઇરે–જુઓ

પદ.

નમું છું પ્રીતે હે ભગવાન, કરૂં શું શંકર ગુણનું ગાન. નમું છું.
બોદ્ધરૂપી અભ્ર ઉડાવી, આપ્યું કેવું જ્ઞાન;
અવિદ્યાને ભસ્મ કરી શી, થાકું હું કરતાં ધ્યાન. નમું છું.
વાદીઓને ઉખેડી નાંખી, કરાવ્યું અમૃતપાન;
પ્રસ્થાન ત્રયી પરભાષ્ય રચીને, મેળવ્યું ઝાઝું માન. નમું છું.
ભાસ્કર સમ તેજસ્વી નિશ્ચે, કીધા પવિત્ર કાન;
શાંતિ નદીમાં સ્નાન કરાવ્યું, ઉડાવ્યું છે અજ્ઞાન. નમું છું.
વેદાંત કેસરી કરી ગર્જના, ટાળ્યું અભિમાન;
દ્વૈતવાદી શૃગાલ છૂપાયા, થયા અતિ હેરાન. નમું છું.
કુશાગ્ર બુદ્ધિ શું વખાણું, સાક્ષાત્ શંભુ સમાન;
ચિંતામણિથી અધિક તમે છો, લાગ્યું તમારૂં ધ્યાન. નમું છું.
વાણી માંહી પીયૂષ ભર્યું છે, આપ્યું વિદ્યાનું દાન;
જ્ઞાનાબ્ધિમાં ડૂબાવ્યા પ્રેમે, પામ્યા છો ઉચ્ચ સ્થાન. નમું છું.
ત્રિવિધ તાપથી બળી ગયા તા', ભૂલી ગયા તા ભાન;
વિજ્ઞાન વારિથી શાંત કીધા શા, ઉડાવ્યું તોફાન. નમું છું.
યુક્તિમાં નૈપુણ્ય ઝાઝું, મનાયા શા વિદ્વાન
વિજયધ્વજ ફરકાવ્યો કેવો, મૂકી દીધું ગુમાન. નમું છું.
વ્યાસ સાથે શાસ્ત્રાર્થ કીધો, પામ્યા . છો વરદાન;
અકલકૃતિ શી મતિ તમારી, દગ્ધ કીધું મોહરાન નમું છું.
લોભને ગુરુ તમે ઉડાવ્યો, તૃણને નભસ્વાન;

વિવેક દંડથી તમે નસાડયો, રાગ રૂપી જે શ્વાન. નમું છું.
મંડન મિશ્રને તમે હરાવ્યો, પામ્યો તે અપમાન,
તોટકને તમે જ્ઞાની બનાવ્યો, ફળી ગયું તેનું સ્નાન. નમું છું.
બુદ્ધિ નથી ગુણ ગાવાની, હું ઘણો નાદાન.
તમ કૃપાએ જાણ્યું કાંઇ, અધ્યસ્ત અધિષ્ઠાન. નમું છું.
શક્તિ ન્યારી ભક્તિ કરૂં છું, જપું છું અભિધાન.
ત્રિગુણાતીત તુર્યાતીતત્રાતા, તમે છો જ્ઞાન નિધાન. નમું છું.
અખંડ બ્રહ્મચર્યને પાળ્યું, વંદું હે ધીમાન,
કાર્ય માત્ર અસત્ બતાવી, બતાવ્યું સત્ નિદાન. નમું છું.
વૃત્તિ નિર્મલ ગુરૂ તમારી, ચઢયા વિરાગ સોપાન,
ચંચલ આયુષ માન્યું ગુરૂ, જેવું તરૂવર પાન. નમું છું.
પાંચ કોશ ઢાંકે છે આત્માને, અસિને ઢાંકે મ્યાન,
જાણ્યું ગુરૂ એ તમ કૃપાએ, આવી હવે કંઇ સાન. નમું છું.
માયાને તમે લાત લગાવી, ચઢયાછો શમ વિમાન.
સમાન ગણ્યા તમે હે ગુરુજી, વૃદ્ધ બાળ યુવાન. નમું છું.
મદ છોડયો છે પરમ દયાળુ, છોડે ઘટ સ્મશાન;
કરૂણાના સિંધુ છો સાચા, તોડી દ્વેષ કમાન. નમું છું
શ્રેય કરવાને પામર જીવનું, અવતર્યા ઇશાન;
લક્ષ રાખીને પૂરે પૂરૂં, વિંધ્યું છે નિશાન. નમું છું.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	અશુદ્ધ.	શુદ્ધ.
૬	જીવનમુકત	જીવન્મુકત.
૧૦	સ્વરુપ	સ્વરૂપ
૧૧	તૃષ્ણા	તૃષા
૧૩	સ્વપન	સ્વપ્ન
૧૫	ઝાઝુ	ઝાઝું
૧૬	નિવિશેષ	નિર્વિશેષ
૧૯	કીડા	કીડી
૨૦	આશાગોડી	શ્યાણાનો કનરો
૨૩	ષડ	ષડ્
૨૪	બ્રહ્મામાં	બ્રહ્મમાં
,,	આયુષતે	આયુષને
૨૬	જીવનમુકત	જીવન્મુકત
૨૭	કૌરતુભ	કૌસ્તુભ
,,	વ દુ છું.	સેવું છું.
૩૦	અફલાયેરે	અફળાયેરે
,,	કાણાં	કાણા
૩૨	કૂટાઈ	કૂટાય
૩૬	નેથી	તેથી
૪૪	ઝાઝા	ઝાઝો
'૯	तत्त्वमास	तत्त्वमसि
૫૨	જીવનમુકત	જીવન્મુકત

અભિપ્રાય પત્રો.

લખવાને અત્યાનંદ થાય છે કે રા. રા. કવિ જનસુ
રામ નરહરરામ મુનશીએ પોતે વેદાન્ત શાસ્ત્રને અનુસરી
મુમુક્ષુ જનોને મનન કરવા લાયકનાં શુદ્ધાદ્વૈત વિષય
રચેલાં પદોમાંનો કેટલોક ભાગ મને વંચાવ્યો જે વાં
અંતઃકરણમાં ઘણોજ આનંદ થયો છે. પદ્ય રચના પ
ઘણીજ ઉત્તમ છે. તેની સાથે બધા સહેલાઈથી સમજી શ
એવી સરળ ભાષા વાપરવામાં પોતે ઘણીજ કાળજી રા
છે. વેદાન્ત જેવા વિષયને જનસમૂહથી સમજી શકાય તે પ
વળી પદ્યમાં તેની ગોઠવણ કરવી એ સાધારણ બુધ્ધિનું કે
એ વિષયના સહજસાજ વાચનવાળાનું કામ નથી. પણ સતત
રાત્રી દિવસ ઘણા વર્ષો સુધી જેમણે શ્રવણ, મનન, નિદિ-
ધ્યાસનાદિ ચાલુ રાખ્યાં હોય તેમનાથીજ એ કામ આવી
સારી રીતે થઇ શકે એ નિર્વિવાદ છે. આ પુસ્તક વેદાન્ત
શાસ્ત્રના અભ્યાસીઓને જરૂર વાંચવા લાયક છે.

લી૦ સ્નેહાધીન **વૈદ્ય ધીરજરામ કાશીનાથ પાઠક.**

રા. રા. કવિ જનસુખરામ નરહરરામ

મને લખવાને ઘણી ખુશી ઉત્પન્ન થાય છે જે તમોએ તૈયાર કરેલા ગ્રંથ "મનહર વીણા"માંથી કેટલાંક પદો મને વાંચી સંભળાવ્યાં તે મુમુક્ષુ જનોને તથા અન્ય જનોને પણ લાભકર્તા છે. એ તમારા પદોમાં વાક્ય રચના તથા તેના મીઠાસ તેમજ ગંભીરાર્થ સારી રીતે રહેલાં છે, તેથી શિષ્ટ જનોના વખાણને પણ તે પાત્ર છે.

લી. **વૈદ્ય સૂર્યકૃષ્ણ હરીકૃષ્ણ દવે,** શ્રાવણ વદ ૩ને બુધ ૧૯૫૯